


અમરેલી, ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું દૈનિક
R.N.I.N.70053/99, Postal Reg.No.AMR / 69/ Validup to 2021-23

सत्यमेव जयते
AVADH TIMES DAILY
સૌરાષ્ટ્ર આવૃતિ

પાના ૮ કિંમત છુટક નકલ રૂા.૨-૦૦
તા.૧૭-૧૨-૨૦૨૩ રવિવાર

# અવધ ટાઇમ્સ

AVADH TIMES GROUP

ફોન :- (૦૨૭૯૨)-૨૨૩૮૯૬,૨૨૪૮૯૬,૨૩૨૪૯૯/૨૨૪૧૧૫/ ફેક્સ: ૨૨૦૧૫૫/૨૨૪૯૪૭
Website: www.avadhtimes.net, E-mail: avadhtimes@gmail.com,news@avadhtimes.net,




તંત્રી, મુદ્રક, પ્રકાશક અને માલિક : ભરત ડી.ચૌહાણ, અવધ ઓફસેટ,અમરપુર (વરૂડી),અમરેલીથી છાપીને અવધ ટાઈમ્સ કાર્યાલય, હેડ પોસ્ટ ઓફિસ સામે,અમરેલીથી પ્રસિધ્ધ કર્યુ. સહતંત્રી : વિજય ડી.ચૌહાણ સં.૨૦૮૦ માગસર સુદ ૫ વર્ષ : ૨૮ અંક ૧૦૮

## સમી સાંજે ખાંભાનાં ગીર વિસ્તારનાં ગામડાઓમાં લોકો બહાર નિકળી ગયાં

# સાંજે ખાંભાના ગામડાઓમાં ૨.૨ ની તીવ્રતાનો ભુકંપ

### ખાંભાના ભાવરડી, ચતુરી, ખડાધાર, પીપળવા, ગીદરડી વિસ્તારમાં ધણધણ્યો : ખાંભાથી ઉના વચ્ચેનાં વિસ્તારમાં ભુકંપની વધુ અસર દેખાઇ

### ભુકંપની ઉંડાઇ ૪ કીલોમીટર : ઉનાથી ખાંભા તરફ ૩૮ કીલોમીટર દુર અમરેલી જિલ્લામાં ભુકંપનું કેન્દ્ર બિન્દુ : સીસ્મોલોજીકલ ડીપાર્ટમેન્ટમાં નોંધાયું


ખાંભા,(રૂચીત મહેતા) સાંજે સવાર સાત વાગ્યે ખાંભા ઉના વચ્ચે ૨.૨ ની તીવ્રતાનો ભુંકપનો આંચકો અનુભવાયો હતો. ખાંભાના ભાવરડી, ચતુરી, ખડાધાર, પીપળવા, ગીદરડી વિસ્તારમાં ધણધણ્યો હતો. ખાંભાથી ઉના વચ્ચેનાં વિસ્તારમાં ભુકંપની વધુ અસર દેખાઇ હતી.

આ અંગે ઇન્સ્ટીટ્યુટ ઓફ સીસ્મોલોજીકલ રીસર્ચ ગાંધીનગર દ્વારા જણાવાયુ હતુ કે ૭.૨૦ એ લેટીટયુડ ૨૧.૧૪૯ નોર્થ લોંગીટયુડ ૭૧.૧૪૯ ઇસ્ટ માં આંચકો અનુભવાયો હતો જે ઉનાથી ૩૮ કિમી દુર હતો અને અમરેલી જિલ્લાના ગીર વિસ્તારમાં હતો. શિયાળાની સાંજે આવેલા આ આંચકાથી ખાંભા અને અમરેલી તરફના ગામોમાં કોઇને જાણ થઇ નહતી પણ ઉપરોક્ત ગામોમાં આ આંચકો અનુભવાયો હતો અને ગીરકાંઠાનાં આ ગામડાનાં લોકો શાંત વાતાવરણમાં ભુંકપનાં આંચકાથી ગભરાઇને બહાર નિકળી ગયાં હતાં.

## હદયની બ્લોક થયેલ નળીઓને સરળતાથી વધુ અસરકારક રીતે ખોલવાના

# અમરેલીનાં વતની ડૉ. અભિષેક રાવલ (એમ. ડી. ડી. એમ. )ના એન્જયોપ્લાસ્ટી સંશોધનને આંતરરાષ્ટ્રીય સ્તરે માન્યતા મળી

### શ્રેષ્ઠ વૈજ્ઞાનિક સંશોધન એવોર્ડથી ડૉ. અભિષેક રાવલનું યુરોપીયન એસોશીએશન દ્વારા દુબઇમાં સન્માન કરવામાં આવ્યું : સમસ્ત માનવજાત માટે વરદાનરૂપ ટેકનોલોજી શોધી અમરેલીનું ગૌરવ વધાર્યુ



અમરેલી,હદયની બ્લોક થયેલ નળીઓને સરળતાથી વધુ અસરકારક રીતે ખોલવાના અમરેલીના વતની એવા (અનુ. પાના નં.૫)

## પહેલા કરતા હાલમાં થતા હદયરોગ વધુ ઘાતક અને જટીલ : ડૉ. અભિષેક રાવલ



પહેલાના સમયમાં વૃધ્ધોની હૃદયની નળીઓ જેવી જટીલ હાલતમાં બ્લોક થતી હતી તેવી અને તેના કરતા પણ વધારે ખરાબ રીતે હવે નાની ઉમરના દર્દીમાં નળીઓ બ્લોક થાય છે જેના કારણે દર્દીની સારવાર વધુ જોખમી અને અઘરી પડતી હતી પણ અનુભવના આધારે અમે એવી પધ્ધતી વિકસાવી કે જેના કારણે આવી જટીલ હાલતમાં વધુ અસરકારક રીતે સારી સફળ સારવાર થઇ શકે અને દર્દી ઉપરનું જોખમ પણ ઘટી શકે.

# અમરેલીનાં આધુનિક એસટી બસ સ્ટેન્ડના લોકાર્પણ માટે તૈયારીઓ શરૂ

### અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશીક વેકરીયાએ બેઠક યોજી : ટુંક સમયમાં જ લોકાર્પણ થવાની શકયતા



અમરેલી,

અમરેલીનાં આધુનિક એસટી બસ સ્ટેન્ડનાં લોકાર્પણ માટે અમરેલીના ધારાસભ્ય શ્રી કૌશીક વેકરીયાએ બેઠક બોલાવ્યા બાદ બસ સ્ટેન્ડના લોકાર્પણ માટેની તડામાર તૈયારીઓ શરૂ થઇ ગઇ છે અને બહુ ઝડપથી ટુંકા સમયમાં જ બસ સ્ટેન્ડનું લોકાર્પણ થવાની શક્યતા છે.

## માછલીઓના કૃત્રિમ ઘર માટે અમરેલી જિલ્લાની પસંદગી (3)



























## અમરેલીમાં જાદુ સમ્રાટ વૈતાલ અને જાદુગર તેજાએ અદભુત જાદુઈ નગરી ખડી કરી દીધી

# અમરેલીના વેપારીઓએ જાદુગર વૈતાલની અદભુત નગરી નિહાળી

**વેપારીઓએ જાદુગર વૈતાલ અને જાદુગર તેજાના હેરત ભર્યા પ્રયોગો નીહાળી હૈરત પામ્યાં : અવનવા પ્રયોગોએ લોક હદયમાં સ્થાન મેળવ્યું : વેપારીઓએ જાદુઈ કાર્યક્રમ બીરદાવ્યો**



અમરેલી,

અમરેલીમાં જાદુઈ ક્ષેત્રે સ્ટેજ ગજવનાર જાદુગર વેતાલ અને જાદુગર તેજાએ સાચા અર્થમાં અદભુત જાદુઈ નગરી ખડી કરી દેતા અમરેલીના વેપારીઓએ આજે જાદુગર વેતાલ અને જાદુગર તેજાનો અદભુત શો નિહાળ્યો હતો અને વેપારીઓ પણ જાદુઈ નગરીના હેરત ભર્યા પ્રયોગો નીહાળી આફ્રીન થઈ ગયા હતા અને સવર્ત્ર વાહ વાહ ના સુર ગુંજી ઉઠ્યા હતા. જાદુગર વેતાલ અને જાદુગર તેજાએ બેલડીએ અદભુત આઈટમો રજુ કરે લોક હદયમાં સ્થાન મેળવ્યું હતુ.

ડો.જી.જે.ગજેરા, ડીસ્ટ્રીક્ટ ચેમ્બર ઓફ કોમર્સનાં પ્રમુખ શ્રી ચતુરભાઈ પટેલ, શ્રી મુકુંદભાઈ ગઢીયા, શ્રી યોગેશભાઈ કોટેચા, શ્રી હકુભાઈ ચૌહાણ, શ્રી ગીરીશભાઈ ભટ્ટ, કાર્યકારી પ્રમુખ શ્રી હરેશભાઈ સાદરાણી, શ્રી જીલુભાઈ વાળા સહિતનાં વેપારીઓએ સહ પરિવાર જાદુગર વેતાલનો શો નિહાળ્યો હતો.

### ઉનાના બેંકના ગ્રાહકના ખોટું રેકર્ડ બનાવી ખરા તરીકે ઉપયોગ કરી નાણાં ઉપાડી લીધેલા

## ડેડાણની એસબીઆઇમાં રૂા. ૧૨ લાખનાં ફ્રોડમાં કર્મચારી સાથે તત્કાલીન મેનેજરની પણ ધરપકડ

**ખાંભા પોલીસ મથકના પીએસઆઇ કે.ડી. હડીયાએ પુર્વ મેનેજર અને કરાર આધારિત કર્મચારીને ઝડપી પાડયાં**

અમરેલી,આ કામે આરોપી સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ડેડાણ શાખા, તા.ખાંભા ખાતે બેંકની રૂટીન કામગીરીમાં હેલ્પર તરીકે કરાર આધારીત ફરજ બજાવતા હોવાથી બેંકના ગ્રાહક ગોપાલભાઈ રાજેશભાઈ વડેરા રહે.ઉના, જી.ગીર સોમનાથ વાળા સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ડેડાણ શાખામાં ફિક્સ ડીપોજીટ (એફડી) ખાતા નં.૫૬૧૫૪૦૪૮૮૧૬ થી ખાતુ ધરાવતા હોવાનુ જાણતા હોવાથી આરોપીએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા, ડેડાણ શાખાના ગ્રાહક ગોપાલભાઈના નામે નવુ બચત ખાતુ ખોલવા અરજી ફોર્મ તૈયાર કરી તેમા ફોટો, સહી, મોબાઈલ નંબર તથા આધારકાર્ડની નકલ વિ. ખોટુ રેકર્ડ સામેલ રાખી ખરા તરીકે ઉપયોગ કરી બચત ખાતા નં.૦૦૪૭૬૭૭૩૩૪ થી નવુ ખાતુ ખોલાવી તેમા ગોપાલભાઈના ફિક્સ ડીપોજીટ (એફડી) ખાતા નં.૫૬૧૫૪૦૪૮૮૧૬ ની પાકતી રકમ રૂા.૧૨,૬૦,૮૩૭/- ટ્રાન્સફર કરાવી, ત્યારબાદ મો.નં.૮૧૨૮૩૦૩૪૪૭ માં યોનો એપ્લીકેશન મારફતે ATM ડેડાણ ખાતે કુલ-૧૮ ટ્રાન્ઝેક્શનો કરી રૂા.૩, ૫૦, ૦૦૦/- ની રકમ તેમજ INB PLAY GAME 24*7 Pvt TECH_ PGAMES મારફતે ઓનલાઈન ટ્રાન્ઝેક્શનોથી રૂા. ૯,૧૦, ૮૩૭/- મળી કુલ રૂા.૧૨,૬૦,૮૩૭/- ની રકમ આરોપીએ બદ્દાનતથી પોતાના અંગત ઉપયોગ માટે અને કપટપુર્વક મેળવી નાણાનો દુર્વિનીયોગ કરી અને સરકારી નાણાની ઉચાપત તથા વિશ્વાસઘાત કરી ગુન્હો કર્યાની ખાંભા પોલીસ મથકમાં ફરિયાદ થતા આ બનાવની તપાસ પી.એસ.આઈ. કે.ડી. હડીયા ચલાવી રહ્યા હતા. તપાસ દરમિયાન બેંકના કરાર આધારિત કર્મચારી ભુપત નરસિંહભાઈ સોલંકી તેમજ જેતે વખતના બેંક મેનેજર હાલ પંચમહાલના મોરવાડ બેંકમાં ફરજ બજાવતા અશોકમાનસંગભાઈ ઝાપડીયાને ઝડપી લઈ વધુ તપાસ હાથ ધરી છે.

**વાડી વેચવાની છે**
૩૬ વીઘાની મુ.પીપળવા (ગીર)
તા.ખાંભા, જી.અમરેલી
૯ વીઘા પણ મળશે
નીચેના નંબર પર સંપર્ક કરો
સંપર્ક : મો.૯૪૨૬૨ ૪૩૪૩૪

## નાગેશ્રી પોલિસ સ્ટેશનના લોર ગામે સર્જાયેલી મારામારીના બનાવમાં બે આરોપીઓ ઝડપાયા

**ગુનામાં હજુ એક આરોપીને પકડી પાડવા પોલીસની તજવીજ**



અમરેલી,

રેન્જ આઈજી ગૌતમ પરમાર તથા પોલિસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા તેમજ ના. પો.અધિ. એચ.બી. વોરા ની સુચના અને માર્ગદર્શન મુજબ નાગેશ્રી પોલિસ સ્ટેશનના લોર ગામે મારામારીના અનડીટેકટ ગુનાને ડીટેકટ કરી હયુમન સોર્સ તથા ટેકનીકલ સોર્સની મદદથી ખાંભા તાલુકાના ચકરાવપરા ગામના દાદુ ભવાનભાઈ ગોહિલ, ભરત કનુભાઈ ભમ્મરને નાગેશ્રી પોલિસ સ્ટેશનના પી.આઈ. પી.વી. પલાસ તથા નાગેશ્રી પોલિસ સ્ટેશન દ્વારા ઝડપી લઈ કાયદેસર કાર્યવાહી કરવામાં આવી હતી. જયારે આ ગુનામાં અશ્વિન ભવાનભાઈ ગોહિલને પકડવાનો બાકી છે.

## વેરાવળમાં ગુમ થયેલ બાળકીને શોધી પરીવાર સાથે મિલન કરાવ્યું



વેરાવળ, (સંજય રાઠોડ) વેરાવળ તાલુકાના ચમોડા ગામ વાડી વિસ્તાર મુળ મહારાષ્ટ્ર સુનિતાબેન વિનોદભાઈ વસાવા તા. ૧૪-૧૨ ના સવારે વેરાવળ મચ્છી માર્કેટમાં પોતાની બાળકી સાથે મચ્છી લેવા માટે આવેલ. અને પરત જતા તે દરમ્યાન તેઓની તબીયત અચાનક નાદુરસ્ત થતા વેરાવળ મામલતદાર ઓફીસ સામે આવેલ ફુટપાથ પર સુઈ ગયેલ. અને બપોર ૧૨ વાગ્યે ઉઠીને જોતા પોતાની દોઢ વર્ષની બાળકી જોવામા નહી આવતા વેરાવળ ાપોલિસને જાણ કરતા પી.આઈ. એ.એમ. મકવાણાની સુચના અને માર્ગદર્શનથી સર્વેલન્સ સ્કવોડના પી.એસ.આઈ.આર.આર. રાયજયાદા, એ.કે. ખુમાણ તથા પોલિસ સ્ટાફે ટેકનીકલ સર્વેલન્સ તથા વુમન ઈન્ટેલીજન્સની મદદથી બાળકીને કોડીનાર તાલુકાન અર્ણેજ ગામેથી શોધી કાઢી પરીવાર સાથે મિલન કરાવ્યું હતું.

### સગીરા ઉપર બળાત્કાર ગુજારી

## બાબરાનાં કોટડાપીઠામાં ઝેરી દવા પીવડાવી ગુનો આચરનાર આરોપીને બાબરા પોલિસે ઝડપી પાડયો

**કોટડાપીઠા ઓપી. સ્ટાફ અને સર્વેલન્સ ટીમે ગણતરીના કલાકોમાં આરોપીને ઝડપી લીધો**



અમરેલી,રેન્જ આઈજી ગૌતમ પરમાર તથા પોલિસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા અમરેલી જીલ્લામાં બનતા મિલકત સંબંધી તેમજ શરીર સંબંધી જેવા ગુનાઓના આરોપીને પકડી પાડવા આપેલ સુચના અનુસાર બાબરા તાલુકાના કોટડાપીઠા ગામે સગીર બાળા સાથે બળાત્કાર કરી જાનથી મારી નાખવાના ઈરાદે ઝેરી દવા પીવડાવી નાસી જનાર આરોપી એમપી.ના જોબટ તાલુકાના પાનગોવા ગામના ઠાકુર કહારૂ ડાવરને પી.આઈ.સી.એસ. કુગસીયા, પી.એસ.આઈ. એ.એમ. રાધનપરા, જે.એમ.અમરકોટીયા, કોટડાપીઠા ઓપી સ્ટાફ તથા સર્વેલન્સ ટીમે ગણતરીના કલાકોમાં ઝડપી પાડયો હતો.

## જામનગરમાં શીતલ પાર્લરનું ઉદઘાટન કરાયું

**ઉદઘાટન કાર્યક્રમમાં શહેરના વેપારીઓ, આગેવાનોની ઉપસ્થિતી**



અમરેલી,તા.૧૫/૧૨/૨૦૨૩ ને શુક્રવારે સવારે ૧૦.૦૦ કલાકે શીતલ પાર્લરનું મંગલ ઉદઘાટન શ્રી પુષ્પાબેન મણીલાલ ચતવાણીના હસ્તે ૮, ઓર્ચીડ એવેન્યુ, આનંદબાગ પાસે, પટેલ કોલોની, જામનગર ખાતે સંપન્ન થયું. આ શુભ પ્રસંગે ડિમ્પલભાઈ રસીકભાઈ ચતવાણી સંજયભાઈ રસીકભાઈ ચતવાણી, ભાવિકભાઈ ડિમ્પલભાઈ ચતવાણી (પાર્લર ઓનર), સંદિપભાઈ સોરઠીયા (શીતલ આઈસ્કીમ ડીસ્ટ્રીબ્યુટર) તેમજ આમંત્રીત મહેમાનો ઉપસ્થીત રહ્યા હતા. તેવુ શીતલ કુલ પ્રોડકટ્સ લીમીટેડ અમરેલીના ફ્રેન્ચાઈઝી હેડ દિપકભાઈ.આર.જોષી ની યાદીમાં જણાવામાં આવેલ છે.

ઘર જેવું સ્વાદિષ્ટ જમવાનું અમરેલીમાં ફસ્ટનંબર જે તમને સ્વાદિષ્ટ અને સાત્વિક જમવાનું પીરસશે
શ્રી ગણેશ ડાઈનીંગ હોલ : કેટરર્સ
સતાધાર કોમ્પલેક્ષ,નાના બસ સ્ટેન્ડ પાસે,અમરેલી
ફો.ઓ.૨૨૧૬૩૩,મો.૯૩૭૭૪ ૪૮૫૩૯

AMARON LASTS LONG, REALLY LONG.
મનસુખભાઈ મો. ૯૮૨૪૨ ૨૦૮૬૫
ભાણાભાઈ મો. ૯૪૨૮૯ ૭૦૬૫૨
જગદિશભાઈ મો. ૯૫૭૪૧ ૪૭૪૪૭
પટેલ ટાયર એજન્સી
એમરોન બેટરીના અમરેલી જીલ્લાના ઓથોરાઈડ ડીસ્ટ્રીબ્યુટર
અજમેરા સ્કૂલ બીલ્ડીંગ, મોટા બસ સ્ટેશન પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

શુભ પ્રસંગોમાં કેટરીંગ કામ કરી આપીશું
દરરોજ બપોરે... અલગ અલગ સ્વીટ ■ ફરસાણ
■ 3 શાક ■ દાળ-ભાત ■ રોટલી ■ છાશ ■ પાપડ ■ સલાડ
દરરોજ સાંજે... 3 શાક ■ કઢી - ખીચડી
■ રોટલી - રોટલા ■ ભાખરી ■ છાશ ■ પાપડ ■ સલાડ
૧૯૯૮ થી આપની સેવામાં....
જય ખોડીયાર ડાઈનીંગ હોલ
શુધ્ધ કાઠીયાવાડી ભોજનનો રસથાળ
કિશોરભાઈ મો. ૯૯૯૮૪ ૩૯૫૫૦ રઘુવિરભાઈ મો. ૭૦૧૬૪ ૩૨૧૪૬
દુકાન નં. ૭/૮, પહેલો માળ, જુના માર્કેટયાર્ડના ગેઈટ પાસે, અમરેલી

ચીરંજીવી હાર્ટ કેર હોસ્પિટલ એન્ડ મેટરનીટી હોમ
ડો. સ્નેહલ સી.પંડયા MD(Medicine)
ડો.નીશા એસ.પંડયા MD(Gynaec)
Phone H.225531 Mobile.9925426394
કેરીયા રોડ, અમરેલી. e-mail : chiranjivi_amr@yahoo.co.in

મેટ્રો કન્સલટન્ટ
(ટેકસ કન્સલટન્ટ)
વ્યાજબી પૈસા ઝડપી કામ
● એકાઉન્ટીંગ
● GST રીટર્ન
● I.T. રીટર્ન
સંપુર્ણ સેવા એક જ જગ્યાએ
માર્કેટયાર્ડ રોડ, હેડ પોસ્ટ ઓફિસની બાજુમાં, હરભોલે પાનની ઉપર, પહેલા માળે, અમરેલી.
મો.૯૩૭૬૬ ૫૮૬૫૨, ૯૩૭૪૨ ૩૦૨૩૧ ફોન: (૦૨૭૯૨) ૨૩૦૨૩૧

મહેશભાઈ રાચચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૧
કલ્પેશભાઈ રાચચા મો. ૯૪૨૯૫ ૩૯૨૪૨
મિઠાઈ તથા ફરસાણમાં સદાય નવીનતા આપવી એ અમારી પરંપરા
શ્રી ભગવતી સ્વીટ માર્ટ
જુની બજાર, જૈન દેરાસર પાસે, ટાવર રોડ,અમરેલી.
બ્રાન્ચ:- સંઘવી ધર્મશાળા, દુકાન નં. ૨,કિષ્ના પેટ્રોલપંપની બાજુમાં, અમરેલી.

ડો.વિભાબેન વેલાણી
ડો.રોમી વેલાણી M.B.B.S
સ્ત્રિઓ અને બાળકોના ડોકટર
સરકારી દવાખાના સામે, બાબરા
નોંધ :- નિઃસંતાન દંપતી સારવાર માટે સજોડે આવે તથા જુના રીપોર્ટ સાથે લાવવા (રવીવારે રજા)
મો.૯૪૨૭૫ ૫૭૭૯૪

જમીન વેચવાની છે
અનેક સગવડ સાથે
અમરેલી ચિતલ હાઈવે ટચ
જમીન કસમાં વેચવાની છે
-:: સંપર્ક ::-
મો.૮૮૪૯૭ ૯૭૮૮૩

ડો. વિવેક પી. જોષી
M.B.(સાયકીઆટ્રી)D.P.M.
MIPS,MIAPP
MOB.99099 41310
ડો. જોષી સાઈકીયાટ્રી કલીનીક
મગજ, માનસીક રોગ, જાતીય નબળાઈ તથા વ્યસન મુકતીનાં નિષ્ણાંત
પરમ કોમ્પલેક્ષ, બીજા માળે, ICICI બેંક પાસે, બસ સ્ટેશન રોડ, અમરેલી ફોન : (૦૨૭૯૨) ૨૨૪૨૨૪ / મો.૯૭૩૭૦ ૨૮૧૮૧

Coca-Cola
જીતુભાઈ પાથર ૯૮૯૮૦ ૫૨૯૭૭ ૯૯૯૮૧ ૧૬૬૬૬
અર્જુન એજન્સીઝ
એડ્રેસ : - ભુતીયા, ચિત્તલ રોડ, અમરેલી.

ખેતીની જમીન વેચવાની છે
અમરેલી જિલ્લાની હદમાં
જુદા જુદા લોકેશનમાં
ચાલુ અને પડતર
ખેતીની જમીન ભાવ ૧.૫૦ થી શરૂ
લાભમ્ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪

તમામ વાહનનાં સ્ટાન્ડર્ડ કંપનીના રેડિયલ-ટ્યુબલેસ
ટાયર ● ટ્યુબ ● ઓઈલ ગ્રીસ ● વ્હીલ પ્લેટ ● ધરા
હોલસેલ-રીટેઈલ ખરીદી માટે વિશ્વાસપાત્ર સ્થળ...
સંજય ટાયર્સ
બસ સ્ટેશન રોડ, અજમેરા સ્કૂલ સામે, અમરેલી
ફોનઃ (૦૨૭૯૨) ૨૨૨૪૯૩,મો. ૯૧૦૬૯ ૬૮૧૫૦,

જોઇએ છે
■ સેલ્સમેન - ૨
■ મીકેનીક - ૨
■ હેલ્પર - ૨
■ ડેટા એન્ટ્રી ઓપરેટર - ૨
રસ ધરાવતા વ્યક્તિઓ પોતાના બાયોડેટા સાથે સંપર્ક કરો
મનહર હોન્ડા માર્કેટયાર્ડ સામે, બાબરા
મો.૯૯૦૪૭ ૦૨૧૫૪, ૯૪૦૯૬ ૫૨૧૦૪

અમરેલી તથા સુરત
ચકાભાઈ ભેળવાળા ફુડ કોર્ટ
સ્વાદિષ્ટ વિવિધ ટેસ્ટમાં ભેળ,બર્ગર, પીઝા સેન્ડવીચ, વિગેરે અનેક વેરાઈટી
સીટી પોઈન્ટ કોમ્પ્લેક્ષ, મોટા બસ સ્ટેન્ડ સામે,અમરેલી.
મો. ૯૮૨૫૭ ૫૫૬૦૫

હોલસેલ તથા રીટેઈલમાં ખરીદવા માટે
UltraTech CEMENT The Engineer's Choice
સ્ટોકીસ્ટ
ચંદારાણા ડીસ્ટ્રીબ્યુટર્સ
માર્કેટીંગ યાર્ડ રોડ, અમરેલી. મો. ૯૪૨૬૨ ૧૯૬૯૯

ચશ્મા, મોતીયો, વેલ, છારી વગેરે
આંખની તકલીફો
કુદરતી ઉપાયોથી દુર રાખી શકાય છે
તો નેત્રાલયોમાં ન જતા અમોને મળો
વિનુભાઇ છાશવાળા
ઇન્દીરા માર્કેટ સામે, સિધ્ધી વિનાયક શેરીમાં, અમરેલી
મો.૯૪૨૭૪ ૨૯૨૬૧ - ૯૯૬૪૬ ૮૯૮૬૬
અમારા છાશના ધંધા માટે સેલ્સમેનની જરૂર છે

અમરેલીનું ગૌરવ હોટલ રોયલ ફોરચ્યુન
રૂમ્સ એન્ડ કોફીબાર
A/C રૂમ એન્ડ નોન A/C રૂમ
મેરેજ એનિવર્સરી બર્થડે પાર્ટી પાર્ટી હોલ ફર્સ્ટનાઇટ બુકીંગ માત્ર રૂા.૯૯૯/- માં
કેરીયારોડ બાયપાસ, એમેજોન સોસાયટીની સામે, અમરેલી
સંપર્ક : ૯૫૩૭૫ ૦૨૭૭૫, ૭૫૬૭૩ ૪૪૦૯૧

FASTag Easy to Cruise
દરેક વાહનોના ફાસ્ટેગ કઢાવવા માટે મળો
વધુ માહિતી માટે આજે જ સંપર્ક કરો
મિતુલ ટ્રેડર્સ નાગનાથ મંદિર પાસે, નાગનાથ કોમ્પલેક્ષ, અમરેલી મો.૯૦૩૩૨ ૬૦૦૫૨

મકાન વેચવાનું છે
વેસ્ટર્ન પાર્ક સોસાયટી, ચિતલ રોડ, અમરેલી ખાતે ચામુંડા કૃપા નામનું તમામ સુવિધાવાળુ બે માળનું મકાન (બંગલો)
મોકાની જગ્યાવાળુ વેચાણ કરવાનું છે
ખરીદ કરવા માંગતા વ્યકિતએ સંપર્ક કરવો
પી.સી.પરમાર (નિવૃત મામલતદાર)
સંપર્ક : મો.૯૮૨૫૯ ૦૬૨૧૨

જુની બિલ્ડીંગ તોડવાનું કામ ચાલુ છે
જુની લોખંડની ગ્રીલો, જુના લોખંડના બારી દરવાજા, તેમાંથી નીકળેલી ઇંટો વિગેરે વ્યાજબી ભાવે વેચવાના છે
જુની પોલીસ લાઇન, ખાખબાઇ રોડ, રાજુલા
જીગાભાઇ મો.૮૭૮૦૪ ૦૪૦૮૭
હસુભાઇ મો.૯૩૨૮૬ ૧૦૩૫૨

### રાજ્યના ૭ જિલ્લાના દરિયાકાંઠાથી આશરે ૩ થી ૭ નોટીકલ માઈલ દૂર દરિયામાં ૨૫ જેટલી આર્ટિફિશિયલ રીફ પ્રસ્થાપિત થશે: મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજી પટેલ

# માછલીઓના કૃત્રિમ ઘર માટે અમરેલી જિલ્લાની પસંદગી

**આર્ટિફિશિયલ રીફ પ્રોજેક્ટ હેઠળ અમરેલી, ગીર સોમનાથ જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર અને કચ્છની પસંદગી કરાઇ : સરકાર રૂપિયા ૭૭૫ લાખનો ખર્ચ કરશે**

**માછલીઓનું ઉત્પાદન વધે તેના માટે તેના કુદરતી નિવાસ્થાન જેવા આવાસો બનાવી દરિયામાં ગોઠવવામાં આવશે : આ પગલાથી ગુજરાતમાં મત્સ્ય ઉત્પાદન અને મત્સ્યોદ્યોગને મળશે વેગ**



અમરેલી,(ડેસ્ક રિપોર્ટર) ગુજરાત દેશનો સૌથી લાંબો ૧૬૦૦ કિ.મી. જેટલો વિશાળ દરિયાકાંઠો ધરાવતું રાજ્ય છે. જ્યાં મત્સ્ય ઉત્પાદનની ક્ષમતા ખૂબ જ વધારે છે. છેલ્લા બે દશકામાં ગુજરાતમાં મત્સ્ય ઉત્પાદનમાં ખૂબ જ વધારો થયો છે. પરંતુ છેલ્લા ૫ વર્ષ દરમિયાન દેશ સહિત ગુજરાતના મત્સ્ય ઉત્પાદનમાં સામાન્ય ઘટાડો જોવા મળ્યો છે. રાજ્યના મત્સ્ય ઉત્પાદનમાં દર વર્ષે સતત વધારો થાય તે માટે દરિયાઈ જીવસૃષ્ટિને આરક્ષિત કરી સંવર્ધન કરવું પણ એટલું જ અગત્યનું છે. જે માટે ગુજરાતના દરિયાઈ વિસ્તારમાં માછલીઓની જાત અને સંખ્યામાં વધારો કરવા માટે કુલ ૨૫ આર્ટિફિશિયલ રીફની સ્થાપના માટે મંજૂરી આપવામાં આવી છે.આ અંગે માહિતી આપતા મત્સ્યોદ્યોગ મંત્રી શ્રી રાઘવજી પટેલે જણાવ્યું હતું કે, પ્રમોશન ઓફ સસ્ટેનેઈબલ ફિશરીઝ એન્ડ લાઈવલીહુડ થ્રુ આર્ટિફિશિયલ રીફ પ્રોજેક્ટ હેઠળ ગુજરાતના ગીર સોમનાથ, અમરેલી, જૂનાગઢ, પોરબંદર, દેવભૂમિ દ્વારકા, જામનગર અને કચ્છને મળી કુલ સાત જિલ્લાના દરિયાકાંઠાથી આશરે ૩ થી ૭ નોટીકલ માઈલ દરિયાઈ વિસ્તારમાં ૨૫ જેટલી આર્ટિફિશિયલ રીફ પ્રસ્થાપિત કરવામાં આવશે, જેનો રાજ્યના નાના માછીમારોને લાભ થશે.રાજ્યમાં કુલ રૂ. ૭૭૫ લાખના ખર્ચે ૨૫ આર્ટિફિશિયલ રીફની સ્થાપના થશે. જેમાં ૬૦ટકા ફાળો કેન્દ્ર સરકાર અને બાકીનો ૪૦ટકા ફાળો ગુજરાત સરકારનો રહેશે. આર્ટિફિશિયલ રીફની સ્થાપનાથી આગામી સમયમાં ગુજરાતના મત્સ્ય ઉત્પાદન અને દેશના મત્સ્ય નિકાસમાં ગુજરાતનો હિસ્સો સૌથી વધારે હશે, તેવી મંત્રીશ્રીએ આશા વ્યક્ત કરી હતી.

### ધારીમાં એડીશનલ સેશન્સ કોર્ટે ચેક રીટર્ન કેસમાં આરોપીને ચેકની ડબલ રકમ વળતર પેટે ચુકવવા તથા એક વર્ષની સજાનો ચુકાદો માન્ય રાખ્યો

**બગસરા કોર્ટમાં ફરિયાદ થતા કેસ ચાલી જતા એડીશનલ સેશન્સ કોર્ટનો ચુકાદો**

બગસરા,(રૂપેશ રૂપારેલીયા)

ફરિયાદી ઝવેરભાઈ ખીમજીભાઈ ભાલાળા રહે. ડેરી પીપળીયા તા. બગસરાવાળાએ તા. ૨૫-૧૨-૧૭ના ખેત પેદાશના ચણા ૧૭૭ મણ દસ કિલો ગ્રામના ૭૭૧ કટા રૂ/-૧,૫૧,૭૬૨ ના વિસાવદરના ગજાભાઈ ભનુભાઈ માળવીયાને આપેલા. જે બદલ રૂ/- ૧,૫૧,૭૬૨ નો તા. ૩૦-૧૨-૧૭ ના ચેક આપેલ હતો. જે ચેક રીટર્ન થતા તેમના વકીલ મારફત નોટીસ મળલી ગયેલ છતા આરોપીએ રકમ ચુકવેલ ન હોય. જેથી બગસરા કોર્ટમાં તા. ૧૪-૩-૧૮ના ફરિયાદ દાખલ કરેલ. જે કેસ ચાલી જતા બીજા એડી. સેશન્સ જજ આર.આર. સુતરીયાએ તા. ૧૬-૯-૨૧ ના ફરિયાદીના એડવોકેટ અશોક એચ. પંડયાની દલીલો માન્ય રાખી આરોપી ગજાભાઈ ભનુભાઈ માળવીયાને એક વર્ષની સજા તથા ચેકની ડબલ રકમ રૂ/-૩,૦૩,૫૨૪ વળતર પેટે દિવસ ૬૦ માં ચુકવી આપવા હુકમ કર્યો હતો.

### સાવરકુંડલા માર્કેટયાર્ડમાં ગઇ કાલથી હડતાલને પગલે

# કુંડલા યાર્ડના સતાધીશોએ વેપારીઓનો માલ બાનમાં લેતા મામલો વધુ બિચકયો : મામલતદારને આવેદનપત્ર પાઠવાયું

**માર્કેટયાર્ડની ચુંટણી બાદ સતાધીશો અને વેપારીઓ વચ્ચે વિવાદમાં ત્રીજા દિવસે પણ હરરાજી બંધ**



સાવરકુંડલા, (સૌરભદોશી)સાવરકુંડલા માર્કેટયાર્ડની ચૂંટણી બાદ સતાધિશો અને વેપારીઓ વચ્ચે ચાલી રહેલ વિવાદ મા સતત બીજે દિવસે પણ તમામ વિભાગ ની હરરાજી બંધ રહેલ ત્યારે યાર્ડ મા રહેલ વેપારીઓનો માલ યાર્ડ દ્વારા બહાર ન કાઢવા દઈ અને વેપારીઓ નો માલ બાન મા લેતા મામલો વધુ ગરમાયો હતો અને મામલતદાર ને આવેદન પાઠવવા મા આવ્યું હતું ત્યારે વેપારીઓ પણ યાર્ડ ના સતાધીશોના નક્સલી વલણથી આર-પાર લડી લેવાના મુડમાં માં હોવાનું જણાય છે ત્યારે એવું પણ સંભળાય છે કે આ મુદ્દે કમલમ અર્નૈર્સનું પણ ધ્યાન દોરાયુંછે અને આવતા દિવસો મા સતાધિશો અને વેપારી વચ્ચે નવા જૂની ના એંધાણ વર્તાઈ રહ્યાં છે જે સમય જ બતાવશે,ત્યારે ખેડૂતો હાલ હેરાન ન થાય તેમાટે ખેડૂતોએ પોતાને ખેતરે ઘર બેઠાં જ માલ બજાર કિંમતે ગામડે ખરીદ કરવા આવનાર ને વેચવાનો આગ્રહ રાખે તો આવિ હેરાનગતિ થી છુટકારો મેળવી શકે તેવું પણ સંભળાય રહ્યું છે.

### શહેરમાં ચાલતા લોલમ કામ સામે લોકોનો વિરોધ

# લીલીયાની વિવેકાનંદ સોસાયટીમાં કરાતું નબળુ કામ બંધ કરાવી દીધું

**ભુગર્ભ પાણીની લાઇનોનું કામ કરવા માટે તોડવામાં આવેલ સીસી રોડ અને બ્લોક રોડનાં કામમાં બેફામ ગેરરીતીનાં આક્ષેપ સાથે રહીશોએ કામ અટકાવ્યું**



લીલીયા,

લીલીયામાં છેલ્લા ઘણા સમયથી ભુગર્ભ પાણીની લાઈનોનું કામ ચાલુ હોય અને તેમાં સીસી અને બ્લોક રોડ તોડવામાં આવ્યાં હોય તેનું કામ પાણી યોજનાનાં કોન્ટ્રાક્ટરને જ કરવાનું હોય તે કામમાં કોન્ટ્રાક્ટર દ્વારા નિતિ નિયમોને નેવે મુકી બેફામ ગેરરીતી થતી હોવાની ફરિયાદો ઉઠતા લીલીયાની વિવેકાનંદ સોસાયટીમાં ચાલતું કામ ત્યાંના સ્થાનિકો દ્વારા અટકાવવામાં આવ્યું છે. આ ખુલ્લેઆમ ભ્રષ્ટાચાર સામે તાલુકા ભાજપ બક્ષીપંચ મોરચાનાં પુર્વ પ્રમુખ અને સ્થાનિક આગેવાનોએ વિરોધ નોંધાવ્યો છે.

### ગામમાં અનેક સુવિધાઓ સાથે વિકાસ વેગવંતો

# અમરેલી જિલ્લાનું સાજીયાવદર વિકાસના પંથે

**નાયબ મુખ્ય દંડકશ્રી કૌશિકભાઈ વેકરીયાના હસ્તે આરસીસી રોડ અને ગટર લાઈનની કામગીરીનું ખાતમુહુર્ત કરાયું**



અમરેલી,અગ્રેસર ગુજરાતની વણથંભી વિકાસયાત્રામાં અમરેલી જિલ્લો અગ્રીમ હરોળમાં આગળ વધી રહ્યો છે. અમરેલી જિલ્લાની વિકાસયાત્રાને આગળ ધપાવતા વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી અને અમરેલી-કુંકાવાવ-વડિયા મતવિસ્તારના ધારાસભ્યશ્રી, કૌશિકભાઈ વેકરીયાએ જિલ્લાના સાજીયાવદર મુકામે વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કર્યુ હતું. સાજીયાવદર ગામમાં આર.સી.સી. રોડના નિર્માણ કાર્ય અને મેઈન બજારમાં ગટર લાઈન નાખવાની કામગીરીનો મહાનુભાવોની ઉપસ્થિતિમાં પ્રારંભ થયો હતો. વિકાસકાર્યોની વિગતે માહિતી આપતા સાજીયાવગરના સરપંચશ્રી હરેશભાઈ ધાધલે જણાવ્યુ હતુ કે, સાજીયાવદર મુકામે નાયબ મુખ્ય દંડકશ્રીના હસ્તે રૂ.૦૪ લાખના ખર્ચે ગટર લાઈનની કામગીરી અને રૂ.૦૪ લાખના ખર્ચે ગામની મેઈન બજારમાં આર.સી.સી. રોડનના નિર્માણની કામગીરીનું ખાતમુહૂર્ત થયું હતું. ઉલ્લેખનીય છે કે, અમરેલી જિલ્લામાં વિવિધ ક્ષેત્રે વિકાસકાર્યો તેજ ગતિથી આગળ ધપી રહ્યા છે ત્યારે જિલ્લાના સાજીયાવદર ગામે વધુ એક વિકાસકાર્યનું ખાતમુહૂર્ત થતા ગામની માળખાકીય સુવિધાઓ વધુ સુદૃઢ બનશે તેવો વિશ્વાસ નાયબ મુખ્ય દંડકશ્રીએ વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે નાયબ મુખ્ય દંડકશ્રીએ ગ્રામજનોના કોઈ પણ પ્રશ્નોનું સત્વરે નિરાકરણ લાવવાનો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમમાં જિલ્લા પંચાયત બાંધકામ સમિતિ ચેરમેન પ્રતિનિધિ શ્રી પ્રવીણભાઈ માંગરોળીયા, સરપંચશ્રી, પંચાયતના સદસ્યો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

### બગસરા એસટી ડેપોમાં મેનેજરની ગેરવર્તણુક સામે રોષ

# બગસરામાં એસટી ડેપો મેનેજરનાં ત્રાસથી ડ્રાઇવરે ઝેરી દવા ગટગટાવી

**ડ્રાઇવરની રાજુલા બાદ માંડવી અને હવે હિંમતનગર બદલી કરાઇ આમ અવાર નવાર ભારે ત્રાસ વર્તાવાતા ડ્રાઇવરે કંટાળી જઇ લીધેલુ પગલું**



બગસરા, (સમીર વિરાણી)

બગસરા એસટી ડેપોમાં ઘણા સમયથી ફરજ બજાવતા વિવેકભાઈ જાંબુકિયા ની બગસરા ડેપો મેનેજર ગઢવી મેડમ એ ગેર વર્તન કરવા બદલ બદલી કરવા માં આવી હતી જ્યારે ડ્રાઈવર વિવેકભાઈ જાંબુકિયા ને પૂછતા તેમને જણાવ્યું હતું કે મેં કોઈ ગેરવર્તન કર્યું નથી અને હું માત્ર મારી નોકરી બાબતમાં પૂછવા ગયો હતો અને મારી ઉપર ખાર રાખી અને મારી બદલી હિંમતનગર કરવામાં આવી છે આવું ત્રીજી વાર બન્યું છે પહેલીવાર મારી રાજુલા બદલી કરવામાં આવી હતી ત્યારબાદ માંડવી અને હાલ હિંમતનગર કરવામાં આવી છે મને ખોટી રીતે હેરાનગતિ અને ત્રાસ આપે છે મારા ઘરના સભ્યો પણ બધા દુઃખી છે અને ડેપો મેનેજર અવર નવર મને હેરાન ગતિ કરે છે વિવેકભાઈ જાંબુકિયા ના ધર્મ પત્નીને પૂછતા તેમણે જણાવ્યું હતું કે મારા પતિને અવારનવાર હેરાન ગતિ છે અને અમોને આ મેડમ ખાર રાખી અને ખોટી રીતે હેરાન કરે છે આ બગસરા એસટી ડેપોમાં અગાઉ પણ એક ડ્રાઈવરે આ જ રીતે હેરાનગતિ હોવાથી દવા ગટગટાવી હતી બગસરા એસટી ડેપોમાં ડ્રાઈવર કંડક્ટરોની ત્રાસ હોવાનો ખુલાસો કર્મચારીઓ તો કરે જ છે પરંતુ આવું જ રહ્યું તો સતત નોકરી ઉપર રાત દિવસ ડ્રાઈવિંગ કરતા ડ્રાઈવરો તથા કંડક્ટરો અપડાઉન કરતા હોય જો આવી મુસીબત્તી રહી તો તેમને નોકરી કરવી બહુ મુસીબત થઈ જશે અને તે ઘરવાળી છોકરાને મૂકીને ક્યાં ને ક્યાંથી નોકરી કરવા આવતા હોય અને આ ડેપો મેનેજર આવો ત્રાસ આપે તો કર્મચારીઓ ત્રાહિમામ પોકારી જાય છે આ બાબતે જો તાત્કાલિક પગલા લેવામાં નહીં આવે તો કર્મચારીઓ ને કઈ રીતે નોકરી કરવી હાલ વિવેકભાઈ જાંબુકિયા ને બગસરા સિવિલમાં ફીનાઈલ દવા પીધેલ હોય જેથી ત્યાં ડોક્ટરે અમરેલી રીફર કરતા હાલ અમરેલી સિવિલ હોસ્પિટલમાં વધુ સારવાર માટે દાખલ કરેલ છે. આ બાબતે ઉચ્ચ અધિકારી ડીસી નિર્ણય લઈ યોગ્ય કરે તેવી કર્મચારીઓની માંગણી ઉઠી છે બગસરા માં આ મોટો બનાવ બન્યો છતાં બગસરા પોલીસ માંથી કોઈ ફરક્યું ન હતું.

### ગુજરાત સરકારનાં ગૃહ વિભાગ દ્વારા ઠરાવ અને હુકમથી

# અમરેલી સબ જેલના બિનકુશળ અર્ધકુશળ કેદીઓ માટે હવે નવા હુકમ પ્રમાણે દૈનિક માનવવેતન મંજુર

**અમરેલી સબજેલમાં આજે જેલર દ્વારા માનવ વેતનની જાહેરાત થતા ઉત્સાહ છવાયો**



અમરેલી,

ગુજરાત સરકાર ગૃહ વિભાગના ઠરાવ અને હુકમ પ્રમાણે રાજ્યની જેલોમાં સજા પામેલા કેદીઓ માટે હવે દૈનિક વેતનમાં મહત્વ પૂર્ણ સુધારો કરવામાં આવ્યો છે આ સંદર્ભે રાજ્યની જેલોમાં સજા પામેલા કેદીઓને જેલમાં માનસ સુધારણા પ્રવૃત્તિના ભાગરૂપે સજા કરી જેલ મુક્ત થયા બાદ સમાજમાં પુનવર્સન પામી શકે તે માટે જેલ જીવન દરમ્યાન દૈનિક પ્રવુતિ સાથે આર્થિક ઉપાજન પણ મળી રહે અને કોશલનો વિકાસ થાય તેવા વિવિધ રચનાત્મક અને હકારાત્મક અભિગમ અંતર્ગત કેદીઓને તાલીમ સહઉત્પાદન ધોરણે વિવિધ ઉદ્યોલક્ષી કામગીરી સોંપી તૈયાર કરવામાં આવી છે આ કામગીરીના ભાગરૂપે કેદીઓને વર્ગીકૃત કર્ક બિનકુશળ અર્ધ કુશળ અને કુશળની યાદીમાં સમાવેશ કરવામાં આવ્યો છે.

અમરેલી સબ જેલ ગૃહ વિભાગના ઠરાવ પ્રમાણે તારીખ ૧૩/૦૭/૨૦૧૭ના ઠરાવથી કેદીઓ માટે રૂ.૮૦ અને કુશળ કેદીઓ માટે રૂ.૧૦૦ મુજબ માનવ વેતન મંજુર કરવામાં આવ્યું હતું.

# જુનાગઢમાં ક્રાઇમ બ્રાન્ચે પ્રોહીબીશનના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી લીધો

**આરોપીને ક્રાઇમ બ્રાન્ચે ઝડપી લઇ એ ડિવિઝન પોલીસ હવાલે કર્યો**



જુનાગઢ,(હિતેશ પારેખ)

જુનાગઢ ક્રાઈમ બ્રાન્ચના પી.આઈ. જે.જે. પટેલ, પી.એસ.આઈ. જે.જે. ગઢવી, ડી.કે. ઝાલા તથા પોલિસ સ્ટાફે ખાનગી બાતમીના આધારે જુનાગઢ એ ડિવિઝન પોલિસ મથકના પ્રોહીબીશનના ગુનામા નાસતા ફરતા આરોપી સુભાષ ઉર્ફે સંજય પાંચાભાઈ ઘોશીયા ,રહે. ચંદવાણા, તા. માંગરોળવાળાને ઝડપી લઈ જુનાગઢ એડિવિઝન પોલિસને સોંપી આપ્યો હતો.

શુટીંગ-શર્ટીંગ ખરીદવાનું વિશ્વાસ પાત્ર સ્થળ...
એકજ ભાવ વ્યાજબી ભાવ
હંમેશા કંઈક નવું
(બાબરાવાળા)
આનંદ
કલોથ સ્ટોર
હરી રોડ, અમરેલી, મો. ૯૪૨૬૯ ૪૩૬૪૪

સૌરાષ્ટ્ર-કચ્છમાં ડબલ વાયર પધ્ધતિ દ્વારા વાંકા-ચુંકા દાંતની સારવારનાં નિષ્ણાંત
અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.
ડૉ. દેવાંગ બી. પંડયા
B.D.S., M.D.S.(Orthodontics) Double-Slot System (Brazil)
દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ
આધુનિક મશીનરી ધરાવતી અમરેલી જિલ્લાની એકમાત્ર હોસ્પિટલ...
Align દાંતની હોસ્પિટલ
સમય : સવારે ૯ થી ૧, સાંજે ૪ થી ૮ મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭
સ્થળ : સફારી પ્લાઝા કોમ્પલેક્ષ, બીજો માળ, ભગવતી ચોક, નિલકંઠ જ્વેલર્સ સામે, અમરેલી.
દર મહિનાનાં બીજા તથા ચોથા બુધવારે રાધિકા હોસ્પિટલ ખાતે બપોરે ૩ થી ૫ મળશે

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
जिस दिन हम ये *समझ* जायेंगे कि सामने वाला *गलत* नहीं है सिर्फ उसकी *सोच* हमसे अलग है उस दिन *जीवन* से *दुःख* समाप्त हो जायेंगे।
લાઇવ ૨૨ કેરેટ દાગીનાનો ભાવ જાણવા મીસ કોલ કરો
9555811166
એ -૧૯, ઈન્દિરા માર્કેટ, અમરેલી
ph.No.(02792)223770/226868

AVADH TIMES DAILY
સત્યમેવ જયતે
અવધ ટાઇમ્સ
તા.૧૭-૧૨-૨૦૨૩ રવિવાર

# આપણે અત્યંત બેદરકાર પ્રજા છીએ અને ભૂલોમાંથી કશું જ શીખતા નથી

હમણાં રાજસ્થાન, છત્તીગસઢ અને મધ્ય પ્રદેશમાં ભાજપના નવા મુખ્ય પ્રધાનોના શપથવિધીની તામઝામ ચાલે છે તેમાં સંસદની સુરક્ષાના અને આપણી આબરુના પણ ધજાગરા ઊડી ગયા એ મુદ્દો દબાઈ ગયો છે. ૧૩ ડિસેમ્બરે સંસદ પર હુમલાની વરસીએ સાગર શર્મા અને મનોરંજન ડી. નામના યુવકોએ સંસદની અંદર ઘૂસીને પોતાની સાથે લઈ ગયેલા સ્પ્રેથી આખા ગૃહમાં ધુમાડો ધુમાડો કરી નાંખ્યો જ્યારે સંસદ સંકુલમાં અમોલ શિંદે અને નીલમે સ્પ્રેથી ધુમાડો કરીને સૂત્રોચ્ચાર કર્યો. વિકી નામના આરોપીએ બહાર રહીને આ લોકોને મદદ કરી હતી ને એ પણ હાજર હતો.

ગૃહમાં ધુમાડો થઈ ગયો હોવાની ખબર પડતાં હાંફળીફાંફળી થયેલી પોલીસ અને સંસદ સુરક્ષાના જવાનોએ ભાગંભાગ કરી મૂકેલી. સંસદની અંદર ઘૂસેલા સાગર અને મનોરંજનને તો આપણ સાંસદોએ જ ઘેરી લઈને મેથીપાક આપીને ઝબ્બે કરી નાંખેલા જ્યારે બાકીના ત્રણને બહારથી પકડી લેવાયા અને છઠ્ઠો શખ્સ પછી પકડાયો પણ ઘટનાની મિનિટોમાં જો પાંચ આરોપી ઝડપાઈ ગયેલા. આ આરોપીઓની પૂછપરછમાં આખો પ્લાન લલિત ઝા નામના એનજીઓ ચલાવતા યુવકનો હોવાનું બહાર આવતાં પોલીસ તેને પકડવા પણ ધંધે લાગેલી.

સંસદની અંદરની ધમાલ તો લોકસભા ચેનલ પર લોકોએ લાઈવ જોયેલી જ્યારે બહાર જે કંઈ થયું તેનો વીડિયો લલિત મોહન ઝાએ બનાવેલો. આ વીડિયો ઝાએ વાઈરલ કરેલો અને બંગાળમાં એનજીઓ ચલાવતા નીલક્ષને મોકલ્યા હતા. લલિત આ ઘટનાને ફેસબુક પર લાઈવ કરવા માગતો હતો તેથી ચારેય આરોપીઓના મોબાઈલ ફોન પોતાની પાસે રાખ્યા હતા. જો કે પોલીસની હલચલ જોયા પછી લલિત ઘટનાસ્થળેથી ફરાર થઈ ગયો હતો.

લલિત બસમાં બેસીને રાજસ્થાનના નાગૌર ગયેલો. નાગૌરમાં પોતાના બે મિત્રોને મળ્યો અને એક હોટેલમાં રાત વિતાવી. લલિતનો ઈરાદો શું હતો એ ખબર નથી પણ પોલીસ તેને શોધવા ખાઈખપૂસીને પાછળ પડી છે એવું લાગતાં નાગૌરથી બસમાં દિલ્હી પાછો આવ્યો અને આત્મસમર્પણ કરી દીધું. આ રીતે આ કાંડ સાથે સંકળાયેલા તમામ છ લોકો ઝડપાઈ ગયા હોવાનો પોલીસનો દાવો છે.

આ કેસમાં દિલ્હી પોલીસે મામલામાં આરોપી મનોરંજન ડી. સાગર શર્મા, અમોલ શિંદે અને નીલમ સામે આતંકવાદની કલમો લગાડીને કેસ કર્યો છે. દિલ્હી પોલીસે કોર્ટમાં આરોપીઓના ૧૫ દિવસના રિમાન્ડ માંગ્યા હતા પણ કોર્ટે સાત દિવસના રિમાન્ડ આપ્યા છે. પોલીસ વિકી અને લલિતને પણ કોર્ટમાં રજૂ કરશે જ. પોલીસે આ આખું કાવતરું કઈ રીતે ઘડાયું તેની વિગતો પણ આપી છે ને પોતે શું શું કર્યું તેની પરાક્રમગાથા વર્ણવી છે.

સંસદની સુરક્ષામાં ચૂક બદલ આઠ લોકોને સસ્પેન્ડ પણ કરી દેવાયા છે પણ આ બધુ રાંડ્યા પછીનું ડહાપણ છે. પોલીસ પોતાની ભૂલ ઢાંકવા સિક્યુરિટી બ્રીચ કહે છે પણ આ હુમલો જ છે કેમ કે સાગર અને મનોરંજને સંસદમાં કૂદાકૂદ કરી મૂકી પછી બંને પકડાયા છે.

સંસદની અંદર અને બહાર બનેલી ઘટનાએ આ દેશની આબરુનો ધજાગરો કરી નાંખ્યો છે અને સાબિત કર્યું છે કે, આપણે અત્યંત બેદરકાર પ્રજા છીએ અને ભૂલોમાંથી કશું શીખતા નથી. આ પ્રકારની ભૂલોનાં કેવાં ખતરનાક પરિણામ આવી શકે તેનો આપણને અંદાજ નથી અને સૌથી મહત્ત્વની વાત એ કે, આ દેશની પ્રજામાં આત્મગૌરવ કે દેશાભિમાનની લાગણી નથી.

નાની નાની વાતોમાં જેમનો દેશપ્રેમ છલકાઈ ઊઠે છે ને વ્યક્તિપૂજામાં આંધળા બનીને જશ આપવાની હોડમાં કૂદી પડે છે એવા લોકો અત્યારે ચૂપ છે. આ ઘટનાના કારણે દેશની આબરુનો ધજાગરો થઈ ગયો છે ને સરકારે તેનો જવાબ આપવો જોઈએ એવું બોલતાં પણ તેમની ફાટી રહી છે. આ મુદ્દો સંસદમાં ઉઠાવાયો તો સાંસદોને સસ્પેન્ડ કરી દેવાયા તેની સામે પણ સૌ ચૂપ છે. ઉલટાનું ચોર કોટવાળને ડાંટે એમ આ મુદ્દે રાજકારણ ના રમાવું જોઈએ એવી સૂફિયાણી સલાહો અપાઈ રહી છે.

ભલા માણસ, આ રાજકારણ નથી પણ દેશની આબરુનો મામલો છે. દેશની સંસદમાં ઘૂસીને તોફાન કરાય તેની વાત સંસદમાં ના કરાય તો ક્યાં યુનાઈટેડ નેશન્સમાં જઈને કરવાની હોય? બેશરમી અને ભક્તિની ચરમસીમા કહેવાય.

સંસદમાં ૧૩ ડિસેમ્બરે જે કંઈ થયું એ વધારે ખતરનાક એટલા માટે કહેવાય કે એક યોદનાબધ્ધ કાવતરું ઘડીને બધું કરાયું ને કોઈને ગંધ સુદ્ધાં ના આવી. દોઢ વર્ષથી સંસદમાં ઘૂસણખોરી કરવાની યોજના બનાવાઈ રહી હતી અને સંસદ ભવનની રેકી કરાઈ હતી. મનોરંજન અને સાગરે જોયેલું કે, બૂટની તપાસ કરવામાં આવી નથી તેથી બૂટમાં સ્મોક કેન છૂપાવીને લઈ ગયેલા. આ વાત આઘાતજનક છે પણ તેના કરતાં વધારે આઘાતજનક એ કહેવાય કે, ખાલિસ્તાની આતંકવાદી ગુરપતવંતસિંહે ૧૩ ડીસેમ્બરે સંસદમાં હુમલાની ધમકી આપેલી. તેના કારણે સંસદની સુરક્ષા વધારી દેવાયેલી ને છતાં આ કાંડ થઈ ગયો.

આ દેશના સાંસદોએ સાગર શર્મા અને મનોરંજન ડી.નો આભાર માનવો જોઈએ કે એ લોકો વિસ્ફોટકો લઈને અંદર નહોતા ઘૂસ્યા, બાકી સંસદની અંદર વિસ્ફોટ કરી નાંખ્યો હોત તો શું થયું હોત તેવી કલ્પના જ થથરાવી નાંખે એવી છે. નઘરોળ તંત્રના કારણે સાગર અને મનોરંજન માટે વિસ્ફોટ લઈને જવું શક્ય હતું જ. એ લોકો સ્પ્રેનાં કનિસ્ટર લઈને અંદર જતા રહ્યા ને કોઈએ તપાસ જ ના કરી એ જોતાં વિસ્ફોટકો લઈને પણ સરળતાથી અંદર જઈ જ શક્યા હોત. અંદર ઘૂસ્યા પછી તો કામ સરળ હતું કેમ કે કનિસ્ટર કાઢીને સ્પ્રે કર્યો એ રીતે વિસ્ફોટકોનો ઉપયોગ કરવાનો હતો.

આ દેશનાં લોકોએ પણ ભગવાનનો પાડ માનવો જોઈએ કે, ભગતસિંહ ફેન્સ કલબ નામની ટોળકીને જે સૂઝ્યું એ કોઈ આતંકવાદી સંગઠનને ના સૂઝ્યું. બાકી એ લોકો તો સાવ બેદરકાર લોકોના ભરોસે જ હતા. સંસદ પર હુમલાની વરસીએ બીજો કાંડ સર્જાઈ ગયો હોત ને આખી દુનિયામાં દેશની આબરુનો ફજેતો થઈ ગયો હોત. અત્યારે પણ ફજેતો તો થયો જ છે પણ કોઈ મોટું નુકસાન થયું નથી તેથી ધીરે ધીરે તેને લોકો ભૂલી જશે. સંસદમાં ઘૂસીને આતંકી હુમલો કરાયો હોત તો તેને લોકો ભૂલી શકવાના નહોતા. ૧૩ ડિસેમ્બર, ૨૦૦૧ના રોજ થયેલા હુમલાને ૨૨ વર્ષે પણ આપણે ભૂલ્યા નથી એ જોતાં આતંકી હુમલો થયો હોત તો એ પણ યાદ જ રહ્યો હોત ને દેશના માથે એક કાળી ટીલી લાગી ગઈ હોત.

## અમરેલીના ગોખરવાળા ગામ નજીક પીરની દરગાહ પાસે યુવાન ઉપર તલવાર વડે હુમલો

### બહેન રીસામણે પિયર હોય જે મનદુખ રાખી બનેવીએ તલવાર વડે મારમારી ધમકી આપી

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
અમરેલી તાલુકાના ગોખરવાળા ગામ વટીને પીરની દરગાહ પાસે અમરેલી લીલાનગર પાણીના ટાંકા પાછળ રહેતા લાલજીભાઈ રમેશભાઈ દાફડા ઉ.વ. ૨૩ના બહેનના લગ્ન રાજસ્થળી ગામના દિલિપ મનસુખભાઈ પરમાર સાથે થયેલ હોય. અને દિલિપ લાલજીભાઈના બહેનને મારમારતા રીસામણે પિયરમાં રહેવા જતી રહેલ હોય. ત્યારથી મનદુખ રાખી અવાર નવાર ધાકધમકી આપતો હતો. તા. ૧૪-૧૨ ના બપોરના લાલજીભાઈ માંડણ કામે જતા જોઈ જતા તલવાર વડે જમણા હાથે મારમારી ફેકચર કરી ધમકી આપ્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## બેંકમાં આવી ખાતામાંથી પૈસા કેમ કાપી લે છે તેવું કહી
## ઝીઝુંડામાં એસબીઆઈના મેનેજરને મારમારી ધમકી આપી

### બે શખ્સોએ મારમારી ખોટા કેસમાં ફસાવી દેવા ધમકી આપી રૂકાવટ કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
સાવરકુંડલા તાલુકાના ઝીઝુંડા ગામે એસબીઆઈમાં બ્રાનફચ મેનેજર તરીકે ફરજ બજાવતા વિનયકુમાર કમલેશકુમાર હરીદાસ અહીરવારને મોટા ઝીઝુંડા ગામના વિનુ સોમાભાઈ , વિજય વિનુભાઈ નગવાડીયા બેંકમાં આવીને ખાતામાંથી પૈસા કેમ કાપી લે છે.

તેવું જણાવી રાડારાડ કરી ગાળો બોલી ઢીકાપાટું વડે મારમારી ટાટીયા ભાંગી નાખવા તથા ખોટા કેસમાં ફસાવી દેવાની ધમકી આપી ફરજમાં રૂકાવટ કર્યાની સાવરકુંડલા રૂરલ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## મોટા માચીયાળા ગ્રામ પંચાયતમાં તલાટીમંત્રીને ધમકી આપી

### ગામના શખ્સે ધમકી આપી સરકારી ફરજમાં રૂકાવટ કર્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
અમરેલી તાલુકાના મોટા માચીયાળા ગામે ગ્રામપંચાયત કચેરીમાં તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવતા બાબાપુરના કલ્પેશભાઈ ચતુરભાઈ પટેલ પોતાની ફરજ બજાવતા હતા ત્યારે મોટા માચીયાળાના મનોજ લક્ષ્મણભાઈ ચાવડા દારૂ પીધેલ હાલતમાં મકાન વેરો ભરવા આવતા કલાટી કમ મંત્રી કલ્પેશભાઈએ મકાન વેરા સાથે સફાઈ વેરો પાવતીમાં દર્શાવી પાવતી આપતા ઉશ્કેરાઈ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપી સરકારી ફરજમાં રૂકાવટ કર્યાની અમરેલી તાલુકા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## જાફરાબાદમાં સિક્યુરીટીગાર્ડને ચેક કરતા કર્મચારી પર હુમલોકર્યો

### પાઈપ વડે મારમારી ધમકી આપ્યાની ફરિયાદ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
જાફરાબાદમાં મુળ જામનગર હાલ રાજુલા રહેતા દુષ્યંતસિંહ ગજેન્દ્રસિંહ જાડેજા સિન્ટેક્ષ કંપનીમાં પોતાની નાઈટ શીફટ ડયુટી ઉપર સીકયુરીટી ગાર્ડને ચેક કરતા હોય. ત્યારે જાફરાબાદના રાજેશ ઉર્ફે રાજુ મોહનભાઈ ચૌહાણ નાઈટ ડયુટીમાં પોતાની નોકરી ઉપર સુતા હોય. જેથી દુષ્યંતસિંહે નાઈટ શીફટમાં જાગતા રહી નોકરી કરવાનું અને આજુબાજુમાં ચેક કરતા રહેવાનું જણાવતા સારૂ નહી લાગતા ગાળો બોલી પાઈપ વડે મુંઢમાર મારી ધમકી આપ્યાની જાફરાબાદ પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી છે.

## વડિયાના ખજુરી પીપળીયા ગામે વીડીયો વાયરલ કરીને પ્રૌઢ ગુમ

### બીજો કોઈ ઠરાવ કરાશે તો હુ આત્મવિલોપન કરીશ તેવો વિડીઓ વાયરલ થયેલો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
વડિયાના ખજુરી પીપળીયા ગામના દિનેશભાઈ ગીગાભાઈ રાઠોડ ઉ.વ. ૪૫ દ્વારા એક વિડિયો વાયરલ કરી જેમાં અમારા ગામમાં આવેલ આંબેડકર હોલ ગામના સરપંચશ્રીએ તોડી પાડેલ હોય. અને આ કામે બીજો કોઈ ઠરાવ કરવામાં આવશે તો હું આત્મવિલોપન કરીશ. તેવો વિડિયો વાયરલ કરી પોતે પોતાના ઘરેથી કોઈને કહયા વગર ચાલ્યા ગયાનું પત્નિ રંજનબેન રાઠોડે વડિયા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## અમરેલીમાં ઓસ્ટ્રેલીયા ઈંગલેન્ડ વચ્ચે ચાલતી ટી-૧૦ મેચમાં સટો રમાડતા એક શખ્સ ઝડપાયો

### પોલિસે રોકડ મોબાઈલ મળી રૂ/-૬૧૦૦ નો મુદામાલ કબ્જે કર્યો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
અમરેલી હરીરોડ યશ જી નામની દુકાનના ઓટા ઉપર ઈમ્તિયાઝબીન કસીરી આઈડી પર રમાતી ઓસ્ટ્રેલી વિરુધ્ધ ઈંગ્લેન્ડ ટી-૧૦ ક્રિકેટ મેચમાં રૂ/-૫૦ ના ઓનલાઈન બેલેન્સવાળી આઈડી વડે હારજીતનો ક્રિકેટનો સટો મોબાઈલમાં રમાડતા રોકડ રૂ/-૧૧૦૦/-તથા મોબાઈલ રૂ/-૫૦૦૦ મળી કુલ રૂ/-૬૧૦૦ના મુદામાલ સાથે પો. કોન્સ. ચિંતનકુમાર મારૂએ ઝડપી પાડયો હતો. જયારે આઈડી ટુ કોલરમાં મેસેજના માધ્યમથી નિકુલ દેવેન્દ્રભાઈ ત્રિવેદીએ પુરી પાડી મદદગારી કરેલ.

## ઈંગોરાળા ડુંગરીની સીમમાં વાડીના કુવામાં યુવાનનું ગળાફાંસો ખાઈ જતા મોત નિપજ્યું

### દારૂ પીવાની ટેવ હોવાથી માતાએ ઠપકો આપતા લાગી આવતા પગલું ભર્યુ

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
મુળ નાગેશ્રી હાલ ઈંગોરાળા ડુંગરી ગામની સીમમાં આવેલ હેમેન્દ્ર મધુભાઈ ઝેબલીયાની વાડીમાં મજુરી કામ કરતા કમુબેન શાંતિભાઈ શીયાળ ઉ.વ.૫૨ નો દિકરો કાળુભાઈ શાંતિભાઈ શીયાળ ઉ.વ. ૩૩ ને દારૂ પીવાની ટેવ હોય જેથી દિકરાને ઠપકો આપતા માં દિકરા વચ્ચે અવાર નવાર ઝગડાઓ થતા હોય. જેથી પોતાને લાગી આવતા તા. ૭-૧૨ના વહેલી સવારે બાજુની ભોળાભાઈ માધાભાઈ દોંગાની વાડીના કુવામાં ઈલેકટ્રીક મોટરના વાયરથી કુવામાં લટકી જઈ ગળાફાંસો ખાઈ જતા મૃત્યું નિપજયાનું ચલાલા પોલિસ મથકમાં જાહેર કરેલ છે.

## બગસરામાં એલસીબીએ જાહેરમાં વરલીના આંકડાનો જુગાર રમાડતા વૃધ્ધને ઝડપી લીધો

### પોલીસે રોકડ રકમ અને મોબાઈલ સહિત મુદ્દામાલ કબ્જે લીધો

અમરેલી, (ક્રાઈમ રીપોર્ટર)
બગસરા નવી શાકમાર્કેટ નજીક હસમુખભાઈ ગૌરીશંકરભાઈ દિક્ષિત ઉ.વ. ૬૦ જાહેરમાં વરુલી મટકાના આંખ ફરકના આંકડાનો જુગાર રમાડતા અમરેલી એલસીબીના હે. કોન્સ. આદિત્યભાઈ બાબરીયાએ રોકડ રૂ/-૧૯૦૦ મોબાઈલ અને સાહિત્ય મળી રૂ/-૨૪૦૦ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.

## શિલાન્યાસ પામેલ જ્ઞાનતિર્થ ખાતે
## જુનાગઢ પુષ્ટી સંસ્કારધામમાં સંતો - મહંતોનું સન્માન કરાયું

### સૌરાષ્ટ્રભરના આગેવાનનોનું સન્માન કરી બીરદાવ્યા

જુનાગઢ, (હિતેષ પારેખ)
ગીરનારની ગોદમાં આવેલ જુનાગઢ નજીક વડાલમાં શિલાન્યસ પામેલ જ્ઞાનતિર્થ પુષ્ટી સંસ્કારધામને સાધુ સંતોએ બિરદાવ્યું હતું. સમારોહના દ્વિતીય ચરણમાં અખીલ ભારત સાધુ સમાજના પ્રમુખ શ્રી મુકતાનંદબાપુ, ગોરખનાથ આશ્રમના શ્રી શેરનાથબાપુ, ગૌસ્વામીશ્રી અભિજીતબાવાશ્રી સતાધારનના મહંતશ્રી વિજયબાપુ સહિત સંતો મહંતોએ જ્ઞાનતિર્થને વધાવ્યું હતું. શ્રી પિયુષબાવાશ્રીએ દાનવીર સહયોગીઓનો સન્માન કર્યુ હતું. અક્ષતપુજન પણ શ્રી વલ્લભકુળના આચાર્યશ્રી વ્રજવલ્લભ બાવાશ્રી અને શ્રી પુણ્યશ્લોક બાવાશ્રીએ કર્યુ હતું. પુજય પિયુષબાવાશ્રીએ માળા અર્પણ કરી કુંભને વધાવ્યો હતો.

બાદમાં મધુરાધિપતે અખિલમનું મંચન થયું હતું જાણે વૃંદાવન અને ગોકુળ મથુરાનું ભાવજગત સંગીત નૃત્ય સ્વરૂપે ભજવાતું હતુ ભક્તિભાવ અને ભોજન સાથે કાર્યક્રમ પુરો થયો હતો.

## અમરેલી મહિલા પોલિસ કોન્સેબલના છેડતીના ગુનામાં
## અમરેલી ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ આરોપીની જામીન અરજી મંજુર કરી

### એડવોકેટ પિયુષ શુકલ તથા અમીતભાઈ રામાણીની દલીલોને ગ્રાહય રાખતી કોર્ટ

અમરેલી,
અમરેલી જિલ્લા પોલીસ તંત્રમાં મહિલા કોન્સ્ટેબલ તરીકે ફરજ બજાવતી યુવતીએ તા. ૭-૧૨-૨૩ ના તેમનું બાવડું પકડી ધમકી આપ્યાની કિશોરભાઈ દયારામ પંડયા સામે ફરિયાદ દાખલ કરેલ. ઉપરોકત કેસમાં અમરેલીના ડિસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજની કોર્ટમાં અરજદાર કિશોરભાઈ દયારામભાઈ પંડયા દ્વારા આગોતરા જામીન અરજી તેમના એડવોકેટ પિયુષ જે.શુકલ તથા અમીતભાઈ રામાણી દ્વારા દલીલો કરતા તેમની દલીલોને ગ્રાહય રાખી આગોતરા જામીન અરજી મંજુર કરી હતી.

## રાજય સરકાર દ્વારા આંગણવાડી સ્ટાફને પ્રોત્સાહન
## જાફરાબાદમાં આંગણવાડી બહેનોને સાડી વિતરણ કરાઇ

### ૧૨૪ હેલ્પર અને ૧૨૪ વર્કરને સાડી તથા બાળકોને કીટ વિતરણ



જાફરાબાદ, (ફિરોજ પઠાણ)
આજરોજ જાફરાબાદમાં જૂની તાલુકા પંચાયત ઓફિસ આંગણવાડી બહેનો શહેર તેમજ તાલુકાની ૧૨૪ હેલ્પર અને ૧૨૪ વકેર બહેનોને સાડીનું વિતરણ કરવામાં આવ્યું સાથે બાળકોને ડીલેવરી નિકીટનુ પણ વિતરણ કરવામાં આવ્યું જેમાં આશા વકેર બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા અને જાફરાબાદ ઘટક સેજો જાફરાબાદ આંગણવાડી વર્કર હેલ્પર બેન ને સાડી વિતરણ કરેલ તેમજ વહાલી દીકરી વધામણા કીટ વિતરણ કરવામા આવેલ છે તેમજ ૧૫ થી ૧૮ વરસની કિશોરીની થેલા વિતરણ કરેલ તેમજ કિશોરી પુણા દિવસની ઉજવણી મા કિશોરીને આગણવાડી પર બોલાવીને પોષણ વિષે તેમજ પેકેટ માથી બનતી વાનગી વિષે તેમજ વજન ઉંચાઈ કરીને બીએમાય કરીને પોષણસતર વિષે તેમજ આંગણવાડી પર પો સાહિત કરવામા આવેછે મીટીંગનું આયોજન કરવામાં આવેલ છ આઈ સીડીએસ વર્કર બહેનો તેમજ મયુરીબેન બારૈયા તેમજ વર્કર હેલ્પર હાજર રહયા હતા.

## ભાજપના રાજમાં સંસદ ભવન સુરક્ષિત ન હોય તો દેશની જનતા સુરક્ષિત કયાંથી હોય : મનિષ ભંડેરી

### અમરેલી તાલુકા કોંગ્રેસ પ્રમુખ શ્રી મનિષ ભંડેરીનો આક્રોશ



અમરેલી,
કેન્દ્રમાં છેલ્લા દસ વર્ષથી ભાજપની સરકાર છે અને જયારથી ભાજપની સરકાર આવી ત્યારથી દેશના નાગરીકોની કઠણાય બેસી ગઈ છે. સમગ્ર ભારત દેશના નાગરીકો ભાજપના રાજમાં સુરક્ષિત રહયા નથી. ભાજપના રાજમાં પુલવામાની અંદર આંતકવાદી હુમલો થાય અને ભારત દેશના ૪૪ જવાન શહીદ થઈ જાય તે મોદી સરકારની નિષ્ફળતા સાબિત કરે છે. પઠાણ કોર્ટમાં આંતકી હુમલો થાય અને જવાનો શહીદ થઈ જાય. જમ્મુ કાશ્મીરમાં ૩૭૦ ની કલમ હટાવવા છતા પણ રોજ દિવસ ઉગે અને આંતકવાદીઓ હુમલાઓ કરે જેને લીધે રોજ ભારત દેશના સૈનિકો શહિદ થાય છે. જે મોદી સરકારની નિષ્ફળતા સાબિત કરે છે. ચીન દેશ ભારતની જમીન ઉપર કબ્ઝો જમાવીને બેઠો છે. છતા પણ આ દેશનો ચોકીદાર ચીન સામે લાલ આંખ કરી શકતો નથી. ભારત દેશમાં સૌથી સુરક્ષિત જગ્યા સંસદ ભવન રહેલી છે. આ સંસદ ભવનની યજ લેયરની સીકયુરીટી ભેદીને પાંચથી છ યુવાનો સંસદની અંદર ઘુસી જાય અને સ્મોક બોમ્બ દ્વારા ધુમાડો ફેલાવે જે સાબિત કરે છે કે કેન્દ્રની નરેન્દ્ર મોદી સરકાર સંસદ ભવન તથા દેશની સુરક્ષા બાબતે નિષ્ફળ રહેલ છે. તો તેના હાથમાં દેશ સુરક્ષિત કયાંથી હોય તેવો વેધક સવાલ કોગ્રેંસના તાલુકા પ્રમુખ મનિષ ભંડેરીએ કરેલ છે.

## ચલાલા ગાયત્રી સંસ્કાર વિધાલયનો વિજ્ઞાનમેળામાં પ્રથમ નંબર આવ્યો

### જીલ્લા કક્ષાના વિજ્ઞાન મેળામાં ભાગ લઈ વિધાલયનું ગૌરવ વધાર્યુ



ચલાલા, (પ્રકાશ કારીયા)
ચલાલા ગાયત્રી પરીવાર -ટ્રસ્ટ દ્વારા સંચાલિત ગાયત્રી સંસ્કાર વિધાલય દ્વારા કૃતિ તૈયાર કરી શિક્ષક અરવિંદભાઈ સોલંકીના માર્ગદર્શન હેઠળ શ્લોક મહેતા, પલ ગજજર દ્વારા જીલ્લા કક્ષાના ગણિત - વિજ્ઞાન પ્રદર્શન ૨૦૨૩ -૨૪ માં ભાગ લીધો હતો. આ કૃતિ નીહાળવા માટે જીલ્લા કલેકટર , જીલ્લા શિક્ષણ અધિકારી, પ્રાથમિક શિક્ષણ અધિકારી સહિત અનેક મહાનુભાવો ઉપસ્થિત રહયા હતા. આ કૃતિ તાલુકા અને જીલ્લામાં પ્રથમ નંબર મેળવી આગાતી તા. ૨૧/૨૨ માં લીલીયા મુકામે ઝોન કક્ષાએ જશે.

## ગ્રહોની ચાલ



રોહિત જીવાણી ૯૪૨૬૪૭૧૪૭૦

### આજનું પંચાગ

તા.૧૭.૧૨.૨૦૨૩ રવિવાર ,સંવંત ૨૦૮૦, માગશર સુદ પાંચમ, ધનિષ્ઠા નક્ષત્ર, હર્ષણ યોગ, કૌલવ કરણ આજે બપોરે ૩.૪૬ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મકર (ખ,જ) ત્યારબાદ કુંભ (ગ ,સ,શ ) રહેશે.

### મકર રાશિમાં ચંદ્ર પોતાના અંગત સંબંધોને તપાસતો રહે છે

ગુરુના ઘરમાં સૂર્ય બુધનો બુધાદિત્ય યોગ શેરબજારને નવી તેજી આપી રહ્યું છે અને વ્યાપાર વાણિજય પણ આગળ વધી રહ્યા છે તો અગાઉ અત્રે લખ્યા મુજબ વિશ્વના ઘણા દેશ ભારત ના નાગરિક માટે પોતાના દરવાજા ખોલી રહ્યા છે! ગોચર ગ્રહોની વાત કરીએ તો ચંદ્ર મહારાજ આજે બપોરે ૩.૪૬ સુધી મકર રાશિમાંથી પસાર થઈ રહ્યા છે, મકર રાશિમાં જયારે કોઈ પણ ગ્રહ હોય ત્યારે તેનો ગુણ પહેલા શાંતિથી બેસી પરિસ્થતિનો તાગ લેવાનું હોય છે મકર રાશિમાં ચંદ્ર પોતાના અંગત સંબંધોને તપાસતો રહે છે જયારે મકરમાં સૂર્ય હોય તો આજુબાજુની પરિસ્થિતિને સમજી તેની પર કંટ્રોલ કરવા પ્રયત્ન કરે છે જયારે મંગળ હોય તો એક વાર ઘટનાને બરાબર સમજયા



બાદ તેના પર ત્વરિત એકશન લેનારા હોય છે! જયારે બુધ હોય તો પહેલા શાંતિથી પરિસ્થિતિ નિહાળી બુદ્ધિપૂર્વક તેમાંથી માર્ગ કાઢે છે. ગુરુ મહારાજ મકરમાં નીચસ્થ બને છે એની દ્રષ્ટિ વ્યાપક છે માટે તે નાની નાની ઘટનામાં પડતા નથી અને તેમાં જવાબ આપવાનું પણ યોગ્ય ગણતા નથી પણ શુક્ર હોય તો કલાત્મક રીતે અલગ જ અંદાજ થી પરિસ્થિતિનો જવાબ આપે છે જયારે શનિ એકદમ ક્રૂર બની પહેલા બધું થવા દે છે અને ત્યારબાદ પુરી રેકી કરી યોગ્ય સમયે પૂરો બદલો આપે છે આ જ સ્થાને રાહુ હોય તો અલગ પદ્ધતિથી જવાબ આપે છે જયારે કેતુ પરિસ્થિતિને જ તીતર બીતર કરી નાખે છે!!

- મેષ (અ,લ,ઈ) : આવકમાં મધ્યમ રહે ,આકસ્મિત લાભ થાય,ધાર્યા પરિણામ પ્રાપ્ત કરી શકો, પ્રગતિકારક દિવસ.
- વૃષભ (બ,વ,ઉ) :સ્ત્રીવર્ગ માટે ઉત્સાહજનક,વેપારીવર્ગને મધ્યમ રહે,નોકરિયાતને સારું રહે,આગળ વધવાની તક મળે,શુભ દિન.
- મિથુન (ક,છ,ઘ) : નસીબ સાથ આપતું જણાય,ધાર્યા કામ પાર પાડી શકો,મિત્રોની મદદ મળી રહે ,પ્રગતિકારક દિવસ .
- કર્ક (ડ,હ) : માનસિક વ્યગ્રતા રહે,મનનું ધાર્યું ના થાય,નેગેટિવ વિચારો આવે, મધ્યમ દિવસ.
- સિંહ (મ,ટ) : અંગત જીવનમાં સારું રહે,સામાજિક રીતે આગળ વધી શકો, યશ પ્રતિષ્ઠા પ્રાપ્ત કરી શકો.
- કન્યા (પ,ઠ,ણ) : જુના હઠીલા રોગ થી સાવધાન રહેવું,વધુ પડતી ચિંતાઓ ટાળવી,પરેજી પાલવ સલાહ છે .
- તુલા (ર,ત) : સંતાન અંગે સારું રહે,પરિવાર સાથે આનંદ માણી શકો,કૌટુંબિક પ્રશ્નો ઉકેલી શકો, શુભ દિન .
- વૃશ્ચિક (ન,ય) : નવા આયોજનો વિચારી શકો ,તમારા શોખ માટે સમય કાઢી શકો, દિવસ આનંદ માં પસાર થાય.
- ધન (ધ,ભ,ફ,ઢ): ભાઈ ભાંડુ સુખ સારું રહે,મિત્રોની મદદ મળી રહે, નવા સંબંધોમાં સારું રહે, યાદગાર દિવસ.
- મકર (ખ,જ) : આર્થિક બાબતો માં મધ્યમ રહે,વાણી વર્તન માં કાળજી લેવી,સત્ય કહેવાની રીત પણ બદલવી પડે.
- કુંભ (ગ,સ,શ ) : તમારા વ્યક્તિત્વનો વિકાસ થાય,નવી પ્રતિભા કેળવી શકો, યશ પ્રતિષ્ઠા મેળવી શકો .
- મીન (દ,ચ,ઝ,થ): ખર્ચ પર અંકુશ રાખવો,નાણાકીય આયોજન કરવું જરૂરી બને,યોગ્ય રીતે હિસાબ રાખવો જરૂરી બને છે.

## જુનાગઢમાં સાયબર ફ્રોડનો ભોગ બનેલા નાગરીકોનાં કુલ રૂપીયા સવા કરોડ પરત અપાવતી પોલીસ

### જુનાગઢ સાયબર ક્રાઈમ પોલીસ સ્ટેશનની સુંદર કામગીરી

જુનાગઢ, (હિતેષ પારેખ)જુનાગઢ સાયબર પોલીસ સ્ટેશન રેન્જ તથા જિલ્લા સાયબર સેલ દ્વારા સંયુક્ત કામગીરી અંતર્ગત સાયબર ફ્રોડનાં ભોગ બનનાર નાગરીકોનાં નાણાં વહેલી તકે અરજદારશ્રીને પરત મળી રહે તે માટે સતત પ્રયત્નશીલ રહી કાર્યવાહી કરવામાં આવેલ. ઓગષ્ટ ૨૦૨૩થી આજદીન સુધી સાયબર ક્રાઈમનો ભોગ બનેલા નાગરીકોને કોર્ટ સાથે સંકલન કરી અલગ અલગ બેંક ખાતામાં ફ્રીઝ થયેલ રૂા.૮૬,૮૪,૯૫૮ જેટલી રકમ પરત અપાવવા કાર્યવાહી કરવામાં આવેલ છે. તેમજ બેન્ક વોલેટ સાથે સંકલન કરી રૂા.૩૪,૮૮,૫૮૫ની રકમ અરજદારનાં ખાતામાં પરત અપાવવા કાર્યવાહી કરવામાં આવેલ. આમ ઓગષ્ટ ૨૦૨૩ થી આજ દીન સુધીમાં કોર્ટ તથા બેન્ક/વોલેટ સાથે સંકલન કરી કુલ રૂા.૧,૨૧,૭૩,૫૪૩ પરત અપાવવા સાયબર પોલીસ સ્ટેશન જુનાગઢ રેન્જ તથા જિલ્લા સાયબર સેલ દ્વારા કાર્યવાહી કરવામાં આવી હતી.

## સૌરાષ્ટ્રના માર્કેટ યાર્ડના બજાર ભાવો

### કપાસ ૧૦૨૧ થી ૧૪૭૧ મગફળી ૧૦૩૨ થી ૧૪૯૦

**અમરેલી માર્કેટ યાર્ડ**
- શિંગમઠડી-૧૧૬૧-૧૩૧૨
- શિંગમોટી-૧૦૩૨-૧૪૯૦
- મકાઈ-૫૦૦-૫૦૦
- તલસફેદ-૨૪૦૦-૩૩૭૦
- તલકાળા-૨૮૫૦-૩૧૮૦
- બાજરો-૪૯૭-૫૧૦
- ઘઉંટુકડા-૪૭૫-૫૯૪
- ઘઉંલોકવન-૪૮૩-૫૭૭
- એરંડા-૧૦૬૦-૧૧૧૮
- ચણા-૭૦૦-૧૨૦૪
- કપાસ-૧૦૨૧-૧૪૭૧
- જુવાર-૫૦૦-૧૧૨૨
- મગ-૧૬૮૦-૧૬૮૦
- ધાણા-૧૦૦૦-૧૪૫૫
- મેથી-૯૩૦-૧૧૩૦
- સોયાબીન-૮૦૦-૯૩૦
- રજકાનુંબી-
- મરચાલાંબા-૧૨૭૦-૩૫૭૦

**અમરેલી શાકભાજી**
- બટેટા-૨૫૦-૩૦૦
- રીંગણા-૫૦૦-૭૫૦
- ફલાવર-૩૦૦-૩૮૦
- કોબીઝ-૧૫૦-૨૨૦
- ટમેટાં-૨૦૦-૩૦૦
- સુરણ-૬૦૦-૭૦૦
- ગાજર-૪૦૦-૬૦૦
- દુધી-૩૦૦-૪૦૦
- કારેલા-૬૦૦-૭૦૦
- ગલકા-૫૫૦-૬૫૦
- કાકડી-૫૦૦-૫૯૦
- ગુવાર-૧૦૫૦-૧૧૯૦
- ચોળાલીલા-૬૦૦-૭૦૦
- તુરીયા-૧૦૦૦-૧૨૦૦
- ભીડો-૮૦૦-૯૦૦
- આદુ-૧૮૦૦-૨૦૦૦
- કોથમીર-૨૦૦-૩૦૦
- મેથીભાજી-૪૦૦-૫૦૦
- ટીંડોરા-૪૦૦-૫૦૦
- લીમડોમીઠો-૮૦-૧૦૦
- મરચાલીલા-૫૦૦-૭૦૦
- લસણસુકું-૨૮૦૦-૩૬૦૦
- લીંબુ-૫૦૦-૬૦૦
- પાલક-૪૫૦-૫૨૦

**રાજુલાયાર્ડ**
- બાજરો-૪૬૧-૫૦૦
- જુવાર-૯૫૧-૧૩૨૫
- ઘંઉ-૪૪૮-૬૬૦
- મગ-૧૬૦૧-૨૧૦૦
- ચણા-૧૨૩૫-૧૨૩૫
- સોયાબીન-૮૦૧-૯૦૧
- શીંગ-૮૦૦-૧૪૨૧
- તલસફેદ-૨૭૦૧-૨૮૦૧
- અડદ-૧૭૦૦-૧૭૦૦
- કપાસ-૧૧૦૦-૧૪૬૦

**મહુવાયાર્ડ**
- શીંગ-૧૧૨૨-૧૩૨૫
- શીંગજી-૧૨૫૦-૧૪૫૫
- જુવાર ૪૦૧-૧૦૨૧
- તલ-૨૦૩૦-૨૮૦૦
- બાજરો-૬૦૦-૬૦૦
- મગ-૧૭૧૭-૨૭૦૧
- મેથી-૮૦૦-૧૦૦૦
- નાળીયેર-૪૭૨-૧૭૪૮
- ચણા-૮૭૬-૧૦૪૦
- મઠ-૧૬૦૦-૧૬૦૦
- અડદ-૧૧૦૦-૧૮૨૦

**બાબરા**
- કપાસ-૧૩૪૦-૧૪૯૦
- ઘઉં-૪૮૮-૫૩૨
- ચણા-૯૬૦-૧૧૦૦
- તલકાળા-
- તલસફેદ-૨૭૧૦-૩૧૦૦
- મગ-
- મગફળી-૧૨૨૧-૧૪૧૯
- સોયાબીન-૯૧૫-૯૨૫

**ધારી**
- કપાસ-૧૦૦૫-૧૪૦૬
- મગફળી-૧૦૩૦-૧૩૭૧
- ચણા-૧૦૧૧-૧૦૧૧
- અડદ-૧૫૯૧-૧૫૯૧
- ઘઉં-૪૭૧-૫૪૩
- તુવેર-
- મેથી-
- ધાણા-૧૧૯૧-૧૩૩૧
- શીંગદાણા-૧૪૧૦-૧૪૧૦

**ખાંભા**
- કપાસ-૧૨૨૦-૧૪૫૧
- અડદ-૧૪૭૫-૧૪૫૭૫
- મગફળી-૧૦૭૦-૧૩૯૦
- બાજરો-૪૦૦-૪૨૧
- તુવેર-
- ધાણા-
- તલસફેદ-૨૬૧૧-૩૧૬૨
- સોયાબીન-૮૮૧-૮૮૧
- જુવારસફેદ-
- ડુંગળીલાલ-૫૦૭-૫૦૭

**બગસરાયાર્ડ**
- કપાસ-૧૦૦૦-૧૪૭૨
- ચણા-૧૦૪૫-૧૦૯૯
- ઘઉં-૫૦૫-૫૬૭
- મગ-૧૬૬૦-૧૬૬૦
- સોયાબીન-૮૯૧-૯૨૦
- ધાણા-૧૩૦૧-૧૪૨૫
- તલસફેદ-૨૯૦૫-૨૯૦૫
- અડદ-૧૭૯૫-૧૭૯૫

**લીલીયા**
- કપાસ-૧૦૮૪-૧૪૯૧

### અમરેલી આજનું તાપમાન

- મહ ામ તાપમાન ૨૮.૮
- ન્યુનતમ તાપમાન ૧૮.૨
- ભેજનું પ્રમાણ ૮૬
- પવનની ગતિ સરેરાશ-૧૦.૨

## સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતનના સુવર્ણ જયંતિ નિમિતે

# અમરેલીમાં સ્નેહમિલન અને વાર્ષીકોત્સવ યોજાશે

### દિપક હાઈસ્કુલ અને રૂપાયતન સ્કુલના સુવર્ણ જયંતિ પર્વ નિમિતે વિદ્યાર્થીઓનું સ્નેહમિલન તથા વાર્ષિકોત્સવ

### ફિરશે સ્કુલ ચલે હમ, બિઝનેશ સમિટ, બિઝનેશ એકસપો સહિતના કાર્યક્રમોમાં આગેવાનો વાલીઓની ઉપસ્થિતી

અમરેલી,

સ્વામી વિવેકાનંદ વિદ્યાભારતી ટ્રસ્ટ રૂપાયતનના સુવર્ણ જયંતિ નિમિતે અમરેલીમાં સ્નેહમિલન અને વાર્ષીકોત્સવ યોજાશે.સુવર્ણ જયંતિ પર્વ નિમિતે વિદ્યાર્થીઓનું સ્નેહમિલન તથા વાર્ષિકોત્સવની તૈયારીઓ થઈ રહી છે.

ફિરશે સ્કુલ ચલે હમ, બિઝનેશ સમિટ, બિઝનેશ એકસપો સહિતના અનેકવિધ કાર્યક્રમો તા.૨૪-૧૨-૨૩ રવિવારે સવારે ૮-૦૦ થી સાંજના ૫-૦૦ વાગ્યા સુધી યોજાશે. તા.૨૪ના સવારે ૮-૦૦ વાગ્યે ફિરશે સ્કુલ ચલે હમ બાદમાં સ્નેહમિલન અને બિઝનેશ સમિટ અને બપોરે ૪-૩૦ થી બિઝનેશ એકસપો બહેરા મુંગા શાળા ખાતે તથા સાંજે ૫-૦૦ થી ૭-૩૦ વાર્ષિકોત્સવ યોજાશે. પાની જીવન કા અમૃત થીમ ઉપર યોજાનાર કાર્યક્રમો સાથે સુવર્ણ જયંતિ પર્વો ઉજવાશે તેમ પ્રમુખશ્રી કિશોરભાઈ મહેતા, આચાર્ય ડો. અમિત ઉપાધ્યાય, આચાર્ય ભારતીબેન ગોહિલ દ્વારા જણાવાયું છે.

**દીપક હાઇસ્કુલ અને રૂપાયતનના વિદ્યાર્થીઓ દ્વારા ભવ્યાતી ભવ્ય વાર્ષિકોત્સવમાં સાંસ્કૃતિક કાર્યક્રમો સહિતનું નવતર આયોજન**

## જિલ્લા કોંગ્રેસ પ્રમુખ શ્રી ડી.કે. રૈયાણી તથા પૂર્વ ધારાસભ્ય શ્રી પ્રતાપભાઈ દુધાતે ધારીના ડો. જસાણીને શ્રદ્ધાંજલિ પાઠવી

### ડો. જસાણીની સેવા બિરદાવી શ્રધ્ધાસૂમન અર્પણ કર્યા

અમરેલી,

અમરેલી જિલ્લાના ધારીને પોતાની કર્મભૂમ બનાવીને જીવનના અંત સુધી લોકસેવક બંની ને પ્રજાના કલ્યાણના કાર્ય કરી લોક હૃદયમાં પોતાનું સ્થાન બનાવીને સમગ્ર અમરેલી જિલ્લાનું એક આદર્શ વ્યક્તિત્વ એવા ડો. જયસુખભાઈ જસાણી સાહેબનું ૯૧ વર્ષ ની વયે નિધન તથા જિલ્લાને ન પૂરી શકાય તેવી ખોટ પડી છે.

ડોક્ટરના વ્યવસાય સાથે સંકળાયેલ ડો.જસાણી એક મૂલ્યનિષ્ઠ સમાજ સેવી, ગાંધીવાદી વિચારસરણી ને વરેલા નિષ્ઠાવાન રાજકારણી સાથે ગરીબો અને પછાતો ના બેલી હતા. અમરેલી જિલ્લા પંચાયતમાં સતત ૧૦ વર્ષ સુધી પ્રમુખ તરીકે સેવા આપી અલગ અલગ સામાજિક, શૈક્ષણિક તથા સહકારી સંસ્થાઓ સાથે તેઓ આજીવન જોડાયેલ હતા. આવા એક વિરલ વ્યક્તિની અચાનક વિદાય થતા જિલ્લાને ન પુરાય તેવી ખોટ પડી છે.

અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી ડી.કે.રૈયાંણી તથા સાવરકુંડલા-લીલીયા ના પૂર્વ ધારા સભ્ય શ્રી પ્રતાપભાઈ દુધાત સહિત કોંગ્રેસ અગ્રણીઓ દ્વારા તેમના કાર્યોની નોંધ લઈ હૃદયપૂર્વક શ્રદ્ધાંજલિ પાઠવવામાં આવેલ હતી.

# રાજુલામાં રેલ્વે સલાહકાર સહિતની કમિટીઓમાં વરણી કરાઇ

### રાજુલા શહેરનો રેલ્વેનો પ્રશ્ન ઉકેલવા તમામ નવનિયુક્ત હોદ્દેદારો પાસે માંગણી : વરણીને આવકાર



રાજુલા, (કનુભાઈ વરૂ)

કેન્દ્રસરકારના રેલવે વિભાગ દ્વારા રાજુલા શહેર જંકશન તેમજ સીટી રેલવેસ્ટેશનમાં વિવિધ વરણીઓ કરવામાં આવી હતી સંસદ સભ્ય નારણભાઈ કાછડીયા અને રાજુલાના લોકપ્રિય ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ના અલગ અલગ ૧૨ વ્યક્તિઓને અલગ અલગ સ્થાન આપવામાં આવ્યું હતું અને સલાહકાર સમિતિમાં સમાવેશ કરવામાં આવ્યો હતો.

જેમા રાજુલા ચેમ્બર ઓફ કોમર્સના પૂર્વ પ્રમુખ બકુલભાઈ વોરા પ્રદેશ ભાજપના રવુભાઈ ખુમાણ અમરેલી જિલ્લા યુવા ભાજપના ઉપપ્રમૂખ વનરાજભાઈ વરૂ કાનાભાઈ ગોહિલ હરસુરભાઈ લાખનોત્રા સાગરભાઈ સરવૈયા પરેશભાઈ લાડુમોર જીગ્નેશભાઈ ત્રિવેદી જીગ્નેશભાઈ પટેલ ગૌરાંગભાઈ મહેતા સહિતના દરેક સમાજના આગેવાનોને સાથે લઈ આ કમિટીની રચના કરવામાં આવી હતી.રાજુલા ડુંગર રોડ ઉપર આવેલ રેલવેફાટકમાં અવારનવાર ટ્રાફિક સર્જાતો હોય તો તેની ઉપર અંડર બ્રિજ બનાવવામાં આવે જેથી કરીને ડુંગર કુંભારિયા ખાંભલીયા દેવકા મંડળ મોરંગી સહિતના ગામે જતા રાહદારીઓ તેમજ ખાનગી વાહન ચાલકોને ફાયદો થઈ શકે તેમ છે અવારનવાર ફાટક બંધ થઈ જવાનો પ્રશ્ન ઉભો થતો હોય છે ત્યારે આ નવા વરાયેલા સલાહકાર સમિતિના જાંબાઝ હોદ્દેદારો દ્વારા આ પ્રશ્ન ઉકેલવામાં આવે તેવી માંગણી અથવા પામી છે.

આ બાબતે કુંભારીયા ગામના આગેવાન ભરતભાઈ જોશી સાથે વાતચીત કરતા તેણે જણાવ્યું હતું કે રાજુલા થી ડુંગર જવા માટે આ ફાટક દિવસમાં આઠથી દસ વખત બંધ થઈ જતું હોય છે પરિણામે ઈમરજન્સી સમય અને જો મહિલાઓને ડીલેવરી અથવા તો કોઈ આરોગ્ય સહિતની બાબત હોય ત્યારે ખાસ તકલીફ પડતી હોય છે અને રાહદારીઓ હેરાન પરેશાન થતા હોય છે ત્યારે આ બાબતે અમોએ અને ગ્રામ પંચાયત દ્વારા પણ ધારાસભ્ય હીરાભાઈ સોલંકી ને પત્ર પાઠવી રજૂઆત કરી છે ત્યારે આ દિશામાં કોઈ નક્કર કાર્યવાહી કરવામાં આવે તેવી માંગણી ઉઠવા પામી છે.

### પહેલા પાનાનું
### એન્જ્યોપ્લાસ્ટી

ડૉ.અભિષેક રાવલના હૃદયની જટીલ રીતે બ્લોક થયેલી નળીઓ ખોલવાના સંશોધનને આંતરરાષ્ટ્રીય માન્યતા મળી છે અને તેના માટે શ્રેષ્ઠ વૈજ્ઞાનિક સંશોધન એવોર્ડથી ડૉ. અભિષેક રાવલનું દુબઈમાં સન્માન કરવામાં આવ્યું છે.

સમસ્ત માનવજાત માટે વરદાનરૂપ ટેકનોલોજી શોધી અમરેલીનું ગૌરવ વધારનારા ડૉ. રાવલ પહેલા અમદાવાદમાં પ્રેકટીસ કરતા હતા પણ હાલમાં સૌરાષ્ટ્ર તેમનું વતન હોય રાજકોટમાં વોકહાર્ટમાં સેવા આપી રહયા છે. તેમણે વિકસાવેલી પધ્ધતીમાં જેમા બાયપાસ કરવાની જરુર હોય તેવા કેસમાં પણ માત્ર એન્જીયો પ્લાસ્ટીથી સારુ પરિણામ મળે છે.તેમના આ સંશોધન માટે યુરોપીયન એસોશીએશનનાં Jean Fajadet ફ્રાન્સ; એન્ડ્રેસ બૌમ્બાચ, યુકે અને હૈથમ અમીન, બહેરીને ૭ ડિસેમ્બર, ૨૦૨૩ ના રોજ ગલ્ફપીસીઆર-જીઆઈએમ, દુબઈ ખાતે આ એવોર્ડ સન્માનીત કરાયા હતા.

## ધારાસભ્ય જે.વી. કાકડીયાના વરદ હસ્તે

# પીપળવા નજીક ચેકડેમનું ખાતમૂર્હત કરાયું

### જિલ્લા પંચાયત ગ્રાન્ટમાંથી રૂા. ૧૫ લાખના ખર્ચે હાથીયા ડુંગર પાસે ચેકડેમ બનશે

અમરેલી,

ખાંભા પીપળવા રોડ પર આવેલા હાથીયા ડુંગર પાસે જિલ્લા પંચાયતની ગ્રાન્ટમાંથી રૂા.૧૫ લાખના ખર્ચે ચેકડેમ બનાવવા ધારાસભ્ય જે.વી. કાકડીયાના હસ્તે ખારમૂહૂર્ત કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે શ્રી અરવિંદભાઈ ચાવડા, નિવૃત ટીડીઓ જે.વી. ભટ્ટ, તા.પં. પ્રમુખ ભીખાભાઈ સરવૈયા, ઉપપ્રમુખ હમીરભાઈ ભરવાડ, કૌશિકભાઈ માણાલકીયા, આનંદભાઈ ભટ્ટ, રાજુભાઈ હરિયાણી, ધ્રુવભાઈ જોષી, જગદિશભાઈ ગૌસ્વામી, ભગતભાઈ ભમ્મર, રસિકભાઈ ભંડેરી, શાંતિભાઈ ઠુંમર, દેવશીભાઈ વાઢેર, શ્રી ચૌહાણ, અક્ષયભાઈ ડોડીયા, મયુરભાઈ માંડવીયા, જગદીશભાઈ ચાવડા, નરેશભાઈ ઘોઘારી, જીજ્ઞેશભાઈ કાલસરીયા, દાનબાપુ, હાર્દિકભાઈ પંડયા, દર્શનભાઈ જોષી, શાસ્ત્રી મહેશદાદા ઉપસ્થિત રહ્યા હતા.

## સ્વામીશ્રી માધવપ્રિય દાસજીની ઉપસ્થિતિમાં

# નાશિકમાં સનાતન ફેસ્ટ ૨૦૨૩નું ભવ્ય આયોજન

### કચ્છ કડવા પાટીદાર સમાજના મધ્ય મહારાષ્ટ્ર યુવા સંઘ દ્વારા આયોજન




અમદાવાદ,કચ્છ કડવા પાટીદાર સમાજ ભારતવર્ષમાં ફેલાયેલો છે અને સક્રિય રીતે ધાર્મિક સંસ્કારોનું જતન કરવામાં પ્રયત્નશીલ છે. કચ્છ કડવા પાટીદાર સમાજના મધ્ય મહારાષ્ટ્ર યુવા સંઘ (MMR) દ્વારા સનાતન ધર્મ અનુલક્ષીને સનાતન ફેસ્ટ-૨૦૨૩નું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સેંકડો યુવાન ભાઈ-બહેનોએ તથા ભાવિક ભકતજનોએ ભાગ લીધો હતો. આ પ્રસંગે શ્રી સ્વામિનારાયણ ગુરૂકુલ વિશ્વવિદ્યા પ્રતિષ્ઠાનમ્ (SGVP)ના અધ્યક્ષ સ્વામી શ્રીમાધવપ્રિયદાસજી તથા નાસિક ગુરૂકુલના અધ્યક્ષ પુરાણીસ્વામી જ્ઞાનજીવનદાસજી તેમજ કચ્છ કડવા પાટીદાર સમાજના આગેવાનોએ વેદમંત્રોના ગાન સાથે સનાતન ફેસ્ટનું ઉદ્ઘાટન કર્યુ હતું.આ પ્રસંગે સવારના સત્રમાં નમિતાબેન માધાણી, ગીતાબેન લીંબાણી, પારૂલબેન દિવાણી, ભાવનાબેન ભાવાણી, હેમાબેન પદ્માણી વગેરે બહેનોએ મેન્ટોર (માર્ગદર્શક) તરીકે ભાગ લીધો હતો અને યુવાન ભાઈ-બહેનોને વેદ અને વિજ્ઞાન વિષે ખુબ સારી માહિતી આપી હતી.આ પ્રસંગે અંગ્રેજી અને ગુજરાતીમાં વેદ અને પુરાણોના પરિચયની સુંદર પ્રદર્શની યોજવામાં આવી હતી, જેનું લખાણ એસજીવીપી - દર્શનમ્ મહાવિદ્યાલય અમદાવાદ દ્વારા કરવામાં આવ્યું હતું. આ પ્રદર્શની ઘણી જ માહિતીપ્રદ હતી.MMR ના યુવા ભાઈ-બહેનો દ્વારા યોજાયેલ આ સનાતન ફેસ્ટ ધાર્યા કરતા અનેકગણો સફળ રહ્યો હતો અને વારંવાર આવા આયોજનો કરતા રહેવાની માગણી ઉઠી હતી. અનેક નાના-મોટા સેવાભાવી યજમાનોએ આ સનાતન ફેસ્ટનો બધો જ ખર્ચ ઉપાડી લીધો હતો.

## નિયમિત ત્રીસ મિનિટ ધ્યાન કરીને આધ્યાત્મિક ઉન્નત્તિ કરી શકે છે : શ્રી શિવકૃપાનંદ સ્વામીજી

# ગુરુતત્ત્વ દ્વારા હિમાલયન ધ્યાનયોગ મહા શિબિરનું અમરેલીમાં જીવંત પ્રસારણ કરાશે

### મહારાષ્ટ્રના નાગપુરમાં તારીખ ૧૯ થી ૨૬ ડિસેમ્બર સુધી રેશિમબાગ મેદાન ખાતે યોજાશે ધ્યાન મહાશિબિર



અમરેલી, આજના હરીફાઈના યુગમાં વ્યક્તિ બાળપણથી જ તણાવમાં રહે છે. પ્રત્યેક મનુષ્ય અલગ-અલગ કારણોથી દુઃખી રહે છે અને એ દુઃખને દૂર કરવાના ઉપાય બહાર શોધે છે, જ્યારે કે દુઃખ દૂર કરવાનો ઉપાય બહાર નહીં, પોતાની અંદર જ છે. હિમાલયના મહર્ષિ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીએ સમગ્ર વિશ્વના લોકોને ધ્યાન કરાવીને આત્મશાંતિનો માર્ગ બતાવ્યો છે. આ ધ્યાનનો સરળ અને અનુભૂતિ પ્રદાન સંસ્કાર છે, જેને દરરોજ ૩૦ મિનિટ ધ્યાન કરીને લોકો જીવનમાં સર્વાંગીણ વિકાસ કરી શકે છે. આ એકપવિત્ર આત્મા દ્વારા એક પવિત્ર આત્મા પર કરવામાં આવેલા સંસ્કાર છે, જેને અપનાવીને કોઈ પણ મનુષ્ય સુરક્ષા અને આત્મશાંતિની અનુભૂતિ મેળવી શકે છે. હિમાલયના મહર્ષિ પરમ પૂજ્ય શ્રી શિવકૃપાનંદ સ્વામીજીના સાંનિધ્યમાં નાગપુરમાં હિમાલયન ધ્યાનયોગ મહાશિબિરનું આયોજન તારીખ ૧૯ થી ૨૬ ડિસેમ્બરના રોજ સાંજે ૫.૦૦ થી ૮:૩૦ સુધી રેશિમબાગ મેદાન, નાગપુરમાં થવા જઈ રહયું છે. આ શિબિરમાં જાતિ, વર્ણ, ભાષા, દેશ કે લિંગના ભેધ્થી પર કોઈ પણ વ્યક્તિ ભાગ લઈ શકે છે. આ શિબિર સંપૂર્ણ નિશુલ્ક છે.પૂજ્ય શ્રી શિવકૃપાનંદ સ્વામીજી કહે છે કે આજના આધુનિક વાતાવરણમાં જ્યાં ચિત્તને ભ્રમિત કરનારાં ઘણાંબધાં ઉપકરણ અને માધ્યમ હાજર છે, એવામાં એક સામાન્ય મનુષ્ય નિયમિત ધ્યાન કરીને પોતાની આધ્યાત્મિક અને સર્વાંગીણ ઉન્નતિ કરી શકે છે.હિમાલયનું ધ્યાન એક સંસ્કાર છે, જેમાં કોઈ પણ પ્રકારની શારીરિક ગતિવિધિઓ કે અન્ય જટિલ તકનીકો સામેલ નથી. આ સરળ અને અનુભૂતિ પ્રદાન માર્ગ છે. નિયમિતરૂપે ૩૦ મિનિટનું ધ્યાન કરો; નિયમિત ધ્યાનથી આપની દુનિયા બદલાઈ શકે છે. આમ કરશો તો આપનું ચિત્ત મજબૂત થશે, શુષ્ઠ થશે. આપ દુનિયાના દરેક વ્યક્તિને બદલી નહીં શકો પણ ધ્યાન કરીને પોતાને બદલી શકો છો.આ ૮૦૦ વર્ષ જૂના ધ્યાનના સંસ્કાર છે, જેને પૂજ્ય સ્વામીજી સમાજમાં લાવ્યા છે. આજે વિશ્વભરમાં લાખો લોકો આ ધ્યાનપદ્ધતિથી જોડાઈને આત્મઉત્રતિના માર્ગ પર ચાલી રહયા છે. શારીરિક, માનસિક, આધ્યાત્મિક અને સામાજિક બદલાવ આવે છે. ધ્યાન કરવાથી સકારાત્મક ઊર્જાનું આભામંડળ અને સુરક્ષાકવચપ્રાસ થાય છે. સકારાત્મક ઊર્જા સ્વાસ્થ્ય અને માનસિક સંતુલન લાવે છે. ધ્યાનના માધ્યમથી વિદ્યાર્થીઓ અને યુવાઓમાં આત્મવિશ્વાસ વધે છે, રચનાત્મક શક્તિનો વિકાસ થાય છે અને સફળતા મળે છે. પૂજ્ય સ્વામીજીના સાક્ષાત સાંનિધ્યમાં ઊર્જાની અનુભૂતિ પ્રદાન કરનારી આ શિબિર અલૌકિક અને આત્મસાક્ષાત્કાર કરવાનારી સાબિત થઈ શકે છે. આઠ દિવસની આ શિબિરનું ગુરુતત્ત્વ નામની %૦ પીંમટ ચેનલ પર પણ સૌધું પ્રસારણ કરવામાં આવશે. આથી ઘરે બેસીને પણ વિશ્વભરના લોકો આ શિબિર સાથે જોડાઈ શકશે. સાથે-સાથે આ શિબિરમાં દેશ-વિદેશના હજારો લોકો ઉપસ્થિત રહેશે, જેની તૈયારી સ્વરૂપે અત્યારે નાગપુરમાં ૧૫૦૦થી પણ વધારે ગુરુતત્ત્વના સ્વયંસેવકો કાર્ય કરી રહ્યા છે. ગુરુતત્ત્વ તરફથી આ બહુ લાભકારી અને સરળ, સહજ ધ્યાન શિબિરમાં સામેલ થવા માટે પ્રત્યેક મનુષ્યને હાર્દિક નિમંત્રણ છે. શિબિરમાં આવો અને પોતે જ અનુભવ કરો.

# રાજુલામાં સોનાની બુટીની ચીલઝડપ કરનાર ઝડપાયો

### બાતમી આધારે વોચ ગોઠવી મુદામાલ સાથે અમરેલી એલસીબીએ ઝડપી લીધો



અમરેલી,

રાજુલા આગરીયા જકાતનાકા પાસે તા. ૪-૧૨ ના મરીયમબેન રહીમભાઈ વારૈયાને વાતોમાં મશગુલ કરી નજર ચુકવી બંને કાનની સોનાની બુટી રૂ/-૪૦,૦૦૦ ની ચીલઝડપ કરી નાસી ગયાની અજાણ્યા પુરૂષ સામે રાજુલા પોલિસ મથકમાં ફરિયાદ નોંધાવી હતી. રેન્જ આઈજી ગૌતમ પરમાર તથા પોલિસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા અનડીટેકટ ગુનાઓ ડીટેકટ કરી આરોપીઓને શોધી કાઢી કાયદેસર કાર્યવાહી કરવા માર્ગદર્શન આપતા અમરેલી એલસીબીના પી.આઈ. એ. એમ. પટેલ, પી.એસ.આઈ. એમ.બી. ગોહિલ તથા પોલિસ સ્ટાફે સીસીટીવી તેમજ આરોપીના વર્ણન અંગે માહિતિ મેળવી અમદાવાદ ક્રાઈમ બ્રાન્ચની મદદથી અમદાવાદ જમાલપુર વિસ્તારમાંથી યાસીન ઉર્ફે બાકડો કાળુભાઈ શેખને એક સોનાનો ઢાળીયો રૂ/-૪૧,૮૬૦ ના મુદામાલ સાથે ઝડપી પાડયો હતો.ઉપરોકત આરોપી અમદાવાદ , સાબરકાંઠા, અરવલ્લી , મહેસાણા, જીલ્લામાં તેમજ વડોદરા શહેરમાં પણ જુદા જુદા ગુનામાં સંડોવાયેલ છે.

## રાજયના આરોગ્ય વિભાગ દ્વારા

# સાવરકુંડલાની સનરાઇઝ હાઇસ્કુલમાં તંમાકુથી નુકશાન અંગે જાગૃતિ લાવવા નિબંધ સ્પર્ધા યોજાઇ

### સ્પર્ધામાં ૧ થી ૩ ને ઇનામો અપાયા : ટીએચઓશ્રી મીનાનું માર્ગદર્શન



સાવરકુંડલા,

જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા વિદ્યાર્થિઓમા તમાકુથી આરોગ્યને થતા નુકશાન અંતર્ગત જાગૃતિ લાવવાના અભિયાન ના ભાગરૂપે સનરાઈઝ હાઈસ્કુલ માં આજ રોજ તાલુકા હેલ્થ ઓફિસ સાવરકુંડલા ની આર.બી.એસ.કે. ટીમ ના ડો. રૂતવેક પટેલ ડો.મનીષા પટેલ ફાર્માસિસ્ટ શિવાંગી પંડ્યા દ્વારા તાલુકા હેલ્થ ઓફિસરશ્રી મીના ના માર્ગદર્શન હેઠળ આજે તમાકું નિયંત્રણ પ્રોગ્રામ અંતર્ગત ત્વરીત નિબંધ સ્પર્ધાનું આયોજન કરવામાં આવેલ હતું અને ત્વરીત યોજાયેલ સ્પર્ધા માં પ્રથમ બીજા અને ત્રીજા આવેલ વિધ્યાર્થી ને પ્રોત્સાહન ઈનામ પણ તરત જ આપવામાં આવેલ હતું.જેમાં સ્કૂલ ના ટ્રસ્ટી શ્રી પ્રતાપભાઈ ખુમાણ, પ્રિન્સિપાલ સોનલબેન મશરુ, વાઈસ પ્રિન્સિપાલ રાવલ અને સ્કૂલના શિક્ષકોનો ખૂબ સારો સહયોગ મળેલ હતો .

## કેન્દ્રના રેલ્વે વિભાગ દ્વારા

# ધારીમાં રેલ્વે સલાહકાર સમિતિમાં થયેલી વરણીને સર્વત્ર આવકાર

### ડિસ્ટ્રીકટ ચેમ્બર સહિતે હોદ્દેદારોની વરણીને આવકારી



ધારી, (ઉદય ચોલેરા)

ધારીમાં રેલ્વે સલાહાકાર સમિતીની વરણી થતા મુકેશભાઈ વ્રજલાલ રૂપારેલીયાની રેલ્વે સલાહાકાર સમિતિમાં રેલ્વે વિભાગ દ્વારા નિમણુંક કરાતા અમરેલી જિલ્લા ચેમ્બર ઓફ કોમર્સના ઉપપ્રમુખ, ધારી વેપારી મહામંડળના પ્રમુખ અને ધારી તાલુકા ભાજપ ઉપપ્રમુખ અને અમરેલી જિલ્લા રઘુવીર સેના મહામંત્રી સહિતની જવાબદારી નિભાવતા મુકેશભાઈ રૂપારેલીયાની વરણીને ડિસ્ટ્રીકટ ચેમ્બર સહિત સંસ્થાઓએ આવકારી ખુશી વ્યકત કરી હતી.

### અવસાન નોંધ

બગસરા

મનસુખભાઈ ભગવાનજીભાઈ ગઢીયા (ઉ.વ.૭૯)તા. ૧૫-૧૨-૨૦૨૩ શુક્રવારના રોજ શ્રીગોપાલચરણ પામેલ છે. જે રાજેશભાઈ (ભોજુ), ચેતનભાઈ (દિદો), કમલેશભાઈ (નાનુંબાવ)ના પિતાજી થાય તેમનું સદ્ગતનું બેસણું તા.૧૮-૧૨-૨૦૨૩ને સોમવારના રોજ ૪ થી ૬ વાંઝાજ્ઞાતિ વાડી બગસરા રાખેલ છે.

## કચ્છ-ભુજ પંથકનાં વિવિધ વર્તમાન

કચ્છ બ્યુરો ચીફ જયશ્રી મહેતા

# કચ્છ જિલ્લાના તમામ બાગાયતદાર ખેડૂતોના વિવિધ સહાય કેસોના ખર્ચ બિલ સ્વીકારાશે

### ઓનલાઇન થયેલ અરજીઓને બાગાયત કચેરી દ્વારા પુર્વ મંજુરી અપાયેલી

ભુજ,કચ્છના બાગાયતદાર ખેડૂતોએ ચાલુ વર્ષ ૨૦૨૩-૨૪ માટે બાગાયત ખાતાની વિવિધ યોજનાઓના લાભ લેવા માટે આઈ ખેડૂત પોર્ટલ પર ઓનલાઈન અરજી કરેલી હતી. જેમાં પાત્રતા ધરાવતા ખેડૂતોની અરજીઓને બાગાયત કચેરી દ્વારા પૂર્વ મંજુરી આપવામાં આવેલી છે. તો જે ખેડૂતોને અરજી માટે પૂર્વ મંજુરી મફેલી છે તેમના સહાય કેસોના ખર્ચ બીલો સ્વીકારવાની અંતિમ તારીખ ૩૧-૧૨-૨૦૨૩ હોઈ તમામ બાગાયત ખેડૂતમિત્રોએ તારીખ ૩૧-૧૨-૨૦૨૩ સુધીમાં જરૂરી અસલબીલો સહીત સાધનિક કાગફો નાયબ બાગાયત નિયામકશ્રીની કચેરી, રૂમ નં. ૩૧૦ બીજો માફ,બહુમાફી ભવન, ભુજ-કચ્છ ( ફોન નં- ૦૨૮૩૨-૨૨૨૭૬૩, Email-ddhbhujgmail.com)ના સરનામા પર આપવા નાગબ બાગાયત નિયામકશ્રીની અખબારી યાદીમાં જણાવાયું છે.

## ગીર સોમનાથ પંથકનાં વિવિધ વર્તમાન

ગીરસોમનાથ બ્યુરો ચીફ સંજય રાઠોડ

### ગીરસોમનાથ જીલ્લા ટ્રાફીક દ્વારા

# અનઅધિકૃત પોલિસ લખાણ તેમજ એસટી બસ ચાલકો નિયમ વિરુધ્ધ ચલાવતા કાયદેસરની કાર્યવાહી કરાઇ



વેરાવળ, (સંજય રાઠોડ)

જુનાગઢ રેન્જ આઈજીપી નિલેશ ઝાઝડીયા તથા ગીર સોમનાથ જીલ્લા પોલિસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા ખાનગી વાહનોમાં પોલિસ તથા અન્ય અનઅધિકૃત લખાણ તેમજ નિયમ વિરુધ્ધ વાહન ચલાવતા ચાલકો સામે કાર્યવાહી કરવા સુચના આપતા ગીર સોમનાથ જીલ્લા ટ્રાફીક પી.એસ.આઈ. એસ.એ. મહેતા તથા પોલિસ સ્ટાફે ખાનગી વાહનોમાં અનઅધિકૃત લાખણ મળી આવતા તેને દુર કરી એસટી બસ ચાલકો, સીટબેલ્ડ વગર ચલાવતા મળી આવતા તેમના વિરુધ્ધ કાયદેસર કાર્યવાહી કરી કેસ કરવામાં આવેલ.

## જુનાગઢ પંથકનાં વિવિધ વર્તમાન

જુનાગઢ બ્યુરો ચીફ હિતેષ પારેખ

# જુનાગઢ જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઇ

### કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં યોજાયેલી બેઠક



જૂનાગઢ,કલેકટર શ્રી અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં પ્રજાલક્ષી પ્રશ્નોને સત્વરે ઉકેલવા અને વિકાસલક્ષી કામોની ગુણવહા જફવાઈ તેની તકેદારી લેવા માટે સંબંતિ અકિારીઓને સૂચના આપી હતી. જિલ્લા કલેકટર કચેરી ખાતે મફેલી આ બેઠકમાં ારાસભ્ય સર્વશ્રી દેવાભાઈ માલમ, ભગવાનજીભાઈ કરગઠીયા અને અરવિંદ લાડાણીએ ઉપસ્થિત રહ્યા હતા. તેમણે રોડ-રસ્તા દબાણ, વિકાસલક્ષી કામો સહિતના પ્રજાલક્ષી પ્રશ્નો રજૂ કર્યા હતા. આ સંદર્ભે સંબંતિ અકિારીઓએ જવાબ રજૂ કર્યા હતા. ઉપરાંત અધ્યક્ષ સ્થાનેથી કલેકટરશ્રીએ જુદા જુદા પ્રશ્નોના નિરાકરણ માટે જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. આ બેઠકમાં જિલ્લા વિકાસ અકિારીશ્રી મિરાંત પરીખ, નિવાસી અકિ કલેકટર શ્રી પી. જી. પટેલ, ડીવાયએસપી શ્રી હિતેશ ાંલીયા સહિત જિલ્લા સંકલન અને ફરિયાદ સમિતિના સભ્ય અકિારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફક્ત - ૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેસની સગવડ સંપર્ક: પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો.૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો.૮૪૬૦૫ ૫૦૬૬૦

આ છે તેની વિશેષતાઓ
YAMAHA FASCINO-125
LED હેડલાઇટ
ટેલલાઇટ
ડિજીટલ મીટર
બ્લુટુથ કનેક્ટીવીટી
અત્યાધુનિક હાઇબ્રીડ ટેકનોલોજી
● ૩૦% મોરપાવર ● ૧૬% વધુ માઇલેજ
● સ્ટાર્ટ : સ્ટોપ સીસ્ટમ ● સ્માર્ટ મોટર જનરેટર
● માત્ર ૯૯ કિલો વજન સહીત અનેક ખુબીઓ
યામાહા શોરૂમ
(જિજ્ઞેશ એજન્સી, લાઠી બાયપાસ ચોકડી પાસે, અમરેલી
સંપર્ક : મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ મો. ૭૦૪૮૭ ૮૨૦૦૪

सत्यमेवजयते्
AVADH TIMES DAILY
# અવધ ટાઇમ્સ
સૌરાષ્ટ્ર
પાના નં ૬
તા.૧૭-૧૨-૨૦૨૩ રવિવાર

સોલાર રૂફટોફ
વિવિધ સોલાર ઉપકરણોનાં ઉત્પાદકો પાસેથી
૪૦% સબસીડી
આજે જ સંપર્ક કરો
બ્રહ્મદીપ સોલાર
બ્રહ્મદીપ એન્ટરપ્રાઇઝ
એસ.ટી. ડેપો પાછળ, અમરેલી
મો. ૯૪૨૭૨ ૩૦૦૪૭

॥ શ્રી વલ્લભ ॥
૨૦૨૪ની આકર્ષક નવી ડીઝાઇનમાં બોક્ષ ▪ સેમી બોક્ષ માં લગ્ન
કંકોત્રી
માટે એકવાર અવશ્ય મુલાકાત લેશો.
શ્રીનાથજી કાર્ડ & પેપર્સ
નાગનાથ મહાદેવ બસ સ્ટેન્ડ પાસે, ખેડાવાળ બ્રાહ્મણ બોર્ડિંગની બાજુમાં, આદિત્ય એપાર્ટમેન્ટ, અમરેલી. મો. ૯૪૨૬૪ ૨૩૨૪૩

### ઇન્ટરનેશનલ લેવલે

## ભાવનગરમાં કરાટે શિક્ષક શ્રી દવેનું સન્માન કરાયું

### વાડોકાઇ કરાટે સંસ્થા દ્વારા ચેમ્પિયનશીપ દરમિયાન વિષ્ટિ કોચનું સન્માન



ભાવનગર, ભારત તેમજ દુનિયાના સમગ્ર દેશોમાં અને કરાટે જગતમાં પ્રચલિત એવી વાડો કાઈ કરાટે સંસ્થાએ વિશાખાપટનમ, આંધ્રપ્રદેશ, ભારતખાતે ઈન્ટરનેશનલ વાડો કાઈ કરાટે ચેમ્પિયનશીપ ૨૦૨૩ નું આયોજન કર્યું હતું. જેમાં વિશિષ્ટ કોચના સન્માન કરવામાં આવ્યા હતા.વાડો કાઈ કરાટે ભારતના પ્રેસિડેન્ટ અને સાઉથના પ્રખ્યાત ફિલ્મસ્ટાર ગબ્બર ઈઝ બેક મૂવીના વિલન દિગ્વિજય પાટીલ, શ્રી સુમન તલવારના હસ્તે ભાવનગર જિલ્લા નિયામક સેનસાઈ કમલ એચ. દવે નું ઈન્ટરનશનલ વાડો કાઈ કરાટે ચેમ્પયનશીપ ૨૦૨૩ માં મોમેન્ટો આપી સન્માન કરવામાં આવ્યું હતું.

સન્માન કરવાની વિશિષ્ટતા એ હતી કે ભાવનગરના જાણીતા એવા કરાટે શિક્ષક સેનસાઈ કમલ એચ દવે જેઓ સમગ્ર ભાવનગરનાં જિલ્લા નિયામક છે અને વિદ્યાર્થીઓને કરાટે તાલીમની સાથે બૌધિક જ્ઞાન, વૈદિક જ્ઞાન, શાસ્ત્રોકત જ્ઞાન, સંસ્કાર, માતા-પિતા પૂજન, દિકરી પૂજન, હવન, શાસ્ત્રોકત વિધિ મુજબ જન્મદિવસની ઉજવણી જેવી આધ્યાત્મ અને સંસ્કારી પ્રવૃત્તિઓ કરાવે છે તેને ધ્યાનમાં લઈને સન્માન કરવામાં આવ્યું હતું. આવી પ્રવૃત્તિઓના કારણે જ સંસ્કારી અને આધ્યાત્મિક માતા-પિતા પોતાના બાળકને કરાટે શીખવા માટે વાડો કાઈ કરાટેમાં જ મોકલે છે.

## બગસરા પોલિસે કેશોદ પોલિસ મથકના બળત્કાર તથા એટ્રોસીટીના ગુનામાં નાસતા ફરતા આરોપીને ઝડપી પાડયો

### રાજકોટના શખ્સને ઝડપી લઈ બગસરા પોલીસ હવાલે કર્યો



અમરેલી, રેન્જ આઈજી ગૌતમ પરમાર તથા પોલિસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા અમરેલી જીલ્લામાં ગુન્હાના કામે નાસતા ફરતા તેમજ જીલ્લા જેલમાંથી પેરોલ / ફર્લો અને વચગાળાના જામીન ઉપરથી ફરાર આરોપીને પકડી જેલ હવાલે કરવા સુચના અને માર્ગદર્શન આપેલ. બગસરા પોલિસ સ્ટેશનના પી.આઈ. કેસી. પારગીના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ ટીમના હે.કોન્સ. કુલદીપભાઈ દેવભડીગજી, એ.એસ.આઈ. મેહુલભાઈ બાલસરા, પો. કોન્સ. જનકભાઈ કોટીલાએ જુનાગઢ જીલ્લાના કેશોદ પોલિસ સ્ટેશનના બળાત્કાર તથા એટ્રોસીટીના ગુનાના કામે નાસતા ફરતા આરોપી રાજકોટના ફેજલ યુનુસભાઈ પરમારને બગસરામાંથી ઝડપી લઈ વધુ તપાસ અર્થે કેશોદ પોલિસને સોંપી આપ્યો હતો.

### એવું તો કૈં ભાળી બેઠાં, અંતરને અજવાળી બેઠાં. અક્ષરના અજવાળે જોયું, 'મુકેશ' માં વનમાળી બેઠાં : મુકેશ દવે

# અમરેલીમાં કવિશ્રી મુકેશ દવેના કાવ્યસંગ્રહનું લોકાર્પણ કરાયું

### વિમોચન સાથે કવિ સંમેલન અને સાહિત્યોત્સવમાં કવિઓએ પોતાની વિવિધ કૃતિઓ રજુ કરી લોકોની વાહ વાહ મેળવી

### કવિશ્રી મનોહર ત્રિવેદી, દોસ્તભાઇ બલોચ, સંજુ વાળા, ડો. વર્ષા પ્રજાપતિ, સ્નેહી પરમાર, રોહિત જીવાણીની ઉપસ્થિતિ





અમરેલી,

અમરેલીમાં ૯ મી ડિસેમ્બરે કવિશ્રી મુકેશ દવેના કાવ્યસંગ્રહ 'એક જણ જીવી ગયો' નો વિમોચન સમારોહ અને કવિ સંમેલનનો કાર્યક્રમ યોજાઈ ગયો. શહેરમાં અનેકવિધ સાહિત્યિક પ્રવૃત્તિઓ કરતી સંસ્થા ' રમેશ પારેખ સાહિત્ય વર્તુળ' દ્વારા કવિના શબ્દની વંદના કરવાનો આ અનેરો ઉત્સવ કવિશ્રી મનોહર ત્રિવેદીની અધ્યક્ષતામાં, શ્રી દોસ્તભાઈ બ્લોચના આશીર્વચનથી અને કવિશ્રી અરવિંદ ભટ્ટ તથા કવિશ્રી સંજુ વાળાની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો. આ કાર્યક્રમમાં કવિશ્રી મુકેશ દવેના કાવ્યસંગ્રહ વિશે કવિશ્રી સ્નેહી પરમાર અને ડો. વર્ષા પ્રજાપતિએ અભ્યાસપૂર્ણ વક્તવ્યો દ્વારા સૌને રસતરબોળ કર્યા. કવિશ્રી સંજુ વાળા અને કવિશ્રી અરવિંદ ભટ્ટે પ્રાસંગિક ઉદબોધનમાં ખૂબ સરસ વાત કરી. શ્રી દોસ્તભાઈ બ્લોચે કવિશ્રી મુકેશ દવે અને કાવ્યસંગ્રહને આશીર્વચન પાઠવ્યા. ઉપસ્થિત સૌ મહાનુભાવો દ્વારા 'એક જણ જીવી ગયો' કાવ્યસંગ્રહનું ઉષ્માસભર વિમોચન કરવામાં આવ્યું. પ્રતિભાવમાં કવિશ્રી મુકેશ દવેએ પોતાના સર્જન અને જીવન વિષયક કેફિયત રજૂ કરીને ઉપસ્થિત સૌનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો. કવિશ્રી મનોહર ત્રિવેદીએ અધ્યક્ષીય પ્રવચનમાં મુકેશ દવે સાથેના પ્રસંગો યાદ કરી કાવ્યસંગ્રહ માટે પોતાનો રાજીપો વ્યક્ત કર્યો. રમેશ પારેખ સાહિત્ય વર્તુળના પ્રમુખ અને કવિશ્રી હરજીવન દાફડાએ સૌનું સ્વાગત કરી કાર્યક્રમની ભૂમિકા રજૂ કરી તથા મહામંત્રી અને કવિશ્રી રોહિત જીવાણીએ સૌનો આભાર માન્યો હતો. વિમોચન ઉત્સવના આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન કરશે ડો. કેતન કાનપરિયા દ્વારા ખૂબ સુંદર અને ભાવવાહી શૈલીમાં કરવામાં આવ્યું.આ રૂડાં અવસરના બીજા દોરમાં યોજાયેલા કવિ સંમેલનમાં ગુજરાતી ભાષાના ગણમાન્ય કવિઓ સર્વશ્રી મનોહર ત્રિવેદી, અરવિંદ ભટ્ટ, સંજુ વાળા, પ્રણવ પંડ્યા, વર્ષા પ્રજાપતિ, હરેશ વડાવિયા, મુકેશ જોગી, પંકજ ચૌહાણ, ગોપાલ ધકાણ અને મુકેશ દવેએ પોતાની કાવ્યપ્રસ્તુતિ દ્વારા શ્રોતાઓની ભરપૂર વાહવાહી મેળવી હતી અને સૌને કવિતારસમાં તરબોળ કર્યા હતા. કવિ સંમેલનનું પોતાની આગવી અદાથી સંચાલન કવિશ્રી હિમલ પંડ્યાએ કર્યું હતું. 'એક જણ જીવી ગયો' ના પ્રાગટય મહોત્સવના આ શાનદાર કાર્યક્રમમાં છેલભાઈ વ્યાસ, આર. પી. જોષી, વસંત જોષી, લાલજી કાનપરિયા, ઉમેશ જોષી, ઉદય દેસાઈ, જીતુભાઈ વાઢેળ, ઉદય મારુ, અશોક ખાચર, ક્લાઉડ ઓફ પોએટ્રીના જયુ જેઠવા, પરેશ મહેતા, અતુલ બગડા, નવીન જોષી સહિત વિશાળ સંખ્યામાં શ્રોતાઓ ઉપસ્થિત રહ્યા હતા.

### હાર્ટએટેકે વધુ એક જીવનદીપ અકાળે બુજાવ્યો : સ્વ.ધારાસભ્ય મગનભાઈ રાણવાના સુપુત્ર અને

# જિલ્લા દલિત અગ્રણી શાંતિલાલ રાણવાના લઘુબંધુ વિજયભાઈ રાણવાનું હાર્ટ એટેકથી મોત : ઘેરો શોક

### શ્રી રાણવા પરિવાર દ્વારા સદ્‌ગતની ઉત્તરક્રિયા કે પરંપરાગત વિધિ વિધાનોને તિલાંજલી આપી નવો રાહ ચિંધ્યો



અમરેલી,

અમરેલીના વરૂડી ગામે સ્વ.ધારાસભ્ય મગનભાઈ રાણવા ના સુપુત્ર અને જિલ્લા દલિત અગ્રણી, નિવૃત્ત વન અધિકારી શ્રી શાંતિલાલ રાણવા ના લઘુ બંધુ કુવાડવા ખાતે સામૂહિક આરોગ્ય કેન્દ્ર માં કાઉન્સિલર તરીકે ફરજ બજાવતા વિજયભાઈ રાણવા નું તા.૧૫.૧૨.૨૩ ના રોજ અચાનક હાર્ટ એટેક થી મૃત્યુ થતાં ઘેરા શોકની લાગણી ફેલાઈ છે.સદગત નું બેસણું તા.૧૮.૧૨.૨૩ ના રોજ સાંજે ૨ થી ૬ સુધી રાખવામાં આવેલ છે તેમ શ્રી શાંતિભાઈ રાણવાની યાદી જણાવે છે.

શ્રી રાણવા પરિવારે આ દુ:ખદ પ્રસંગે પણ સદગત વિજયકુમારનાં નિધન બાદ ઉત્તરક્રિયા કે વિધિ વિધાન કરવાની પરંપરાને તિલાંજલી આપી સમાજને નવો રાહ ચિંધ્યો છે. માત્ર સોમવારે બેસણા સિવાયની તમામ વિધિઓ બંધ રાખી છે તેમ શ્રી શાંતિભાઈ રાણવા, શ્રી જીતુભાઈ, શ્રી પિયુષભાઈ, શ્રી જગદીશભાઈ, શ્રી વિપુલભાઈ, શ્રી યોગેશભાઈ, શ્રી મયુરભાઈ, શ્રી ચિરાગભાઈ, શ્રી રાજુભાઈ અને શ્રી આશિષભાઈ સહિત સમસ્ત રાણવા પરિવારે જણાવ્યું છે.

### વિકસિત ભારત સંકલ્પ યાત્રા : અમરેલી જિલ્લો

# સાંસદશ્રી નારણભાઈ કાછડિયાના અધ્યક્ષ સ્થાને વડીયામાં વિકસિત ભારત સંકલ્પ યાત્રા યોજાઈ

### દેશનાં યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશમાં વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલી સંવાદ કર્યો



અમરેલી,

'મેરી કહાની, મેરી ઝુબાની' અંતર્ગત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સહિતની કલ્યાણકારી યોજનાના લાભાર્થીઓએ પ્રતિભાવો વ્યક્ત કર્યા. કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોએ કિસાન સન્માન નિધિ યોજના, આઈ.સી.ડી.એસ, પ્રધાનમંત્રી ઉજજવલા યોજના, આયુષમાન ભવઃ સહિતનાં વિવિધ સ્ટોલની મુલાકાત લીધી. અમરેલી વર્ષ-૨૦૪૭ સુધીમાં આઝાદીના સતાપ્દી પર્વે વિકસિત ભારત બનાવવાના સંકલ્પને ચરિતાર્થ કરવાના હેતુથી સમગ્ર દેશ સહિત રાજ્યમાં યોજાઈ રહેલી 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા'ને બહોળો પ્રતિસાદ મળી રહ્યો છે. આ યાત્રા અન્વયે જિલ્લાના સાંસદશ્રી નારણભાઈ કાછડિયાના અધ્યક્ષ સ્થાને વડીયા મુકામે સુરગવાળા માધ્યમિક શાળાનાં પટાંગણમાં 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ યોજાયો હતો. કાર્યક્રમમાં વિધાનસભાના નાયબ મુખ્ય દંડકશ્રી અને અમરેલી- કુંકાવાવ-વડીયા વિસ્તારના ધારાસભ્ય શ્રી કૌશિકભાઈ વેકરિયા પણ ઉપસ્થિત રહ્યા હતા. વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમ સ્થળે પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના, આઈ.સી.ડી.એસ, પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના, આયુષમાન ભવઃ સહિતનાં વિવિધ સ્ટોલનું નિર્માણ કરવામાં આવ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત નાગરિકોએ વિવિધ સ્ટોલની મુલાકાત લીધી હતી. દેશના પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમમાં દેશમાં વિવિધ યોજનાઓના લાભાર્થીઓ સાથે વર્ચ્યુઅલી સંવાદ કર્યો હતો. કાર્યક્રમમાં ઉપસ્થિત સૌ નાગરિકોએ 'વિકસિત ભારત'નો સંકલ્પ લીધો હતો. શાળાની બાળાઓએ પ્રાકૃતિક કૃષિ વિષયક 'ધરતી કરે પુકાર' નાટ્ય પ્રસ્તુત કર્યું હતું. કાર્યક્રમમાં કેન્દ્ર સરકારની વિવિધ સહાય યોજનાઓના લાભાર્થીઓને પ્રતિકાત્મક લાભ, લાભાર્થી કીટ અને પ્રમાણપત્રનું વિતરણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં 'મેરી કહાની, મેરી ઝુબાની' અંતર્ગત પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના સહિતની સરકારની કલ્યાણકારી યોજનાઓના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો વ્યક્ત કર્યા હતા. કેન્દ્ર સરકારની વિવિધ યોજનાઓનો લાભ પ્રાપ્ત થવા બદલ સરકારનો આભાર વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, વિકસિત ભારત સંકલ્પ યાત્રા' ના માધ્યમથી સરકારની વિવિધ યોજનાઓનો લાભ, છેવાડાનાં જન-જન સુધી પહોંચી રહ્યો છે. વડીયા મુકામે 'વિકસિત ભારત સંકલ્પ યાત્રા' કાર્યક્રમમાં જિલ્લા અને તાલુકા પંચાયતના સભ્યશ્રીઓ, વડિયા સરપંચ શ્રી મનિષભાઈ, જિલ્લા વિકાસ અધિકારી શ્રી દિનેશ ગુરવ, નાયબ જિલ્લા વિકાસ અધિકારી શ્રી ચાવડા, જિલ્લા ખેતીવાડી અધિકારી શ્રી કાનાણી, તાલુકા વિકાસ અધિકારી શ્રી, તાલુકા હેલ્થ ઓફિસર શ્રી સહિતના પદાધિકારીશ્રી-અધિકારી શ્રી ઉપરાંત બહોળી સંખ્યામાં નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

## આર્યુવેદીક સીરપમાં નશાયુક્ત પદાર્થના જથ્થો રાખવાના ગુન્હામાં જામીન મંજુર

### એડવોકેટ શ્રી કપિલ એમ. ઝિંઝુવાડીયાની દલીલોને કોર્ટ દ્વારા ગ્રાહય રાખવામાં આવી



અમરેલી, (ફીલ્ડ રિપોર્ટર)

અમરેલી જીલ્લાના બાબરા પો. સ્ટે.માં ગુન્હા રજી.નં. ૧૧૧૯૩૦૦૮ ૨૩૦૫૩૩/૨૦૨૩ થી પ્રોહી. એકટ ૬૫(એ), ૬૫(ઈ), ૧૧૬(બી), ૮૧ તથા આઈ.પી.સી. કલમ ૩૩૬ મુજબ આર્યુવેદીક સીરપ રૂપિયા ૬૦ લાખના મુદામાલ કબજે કર્યા અંગેનો ગુન્હો નોંધાયેલ જે ગુન્હાના કામે આરોપી તરીકે જયદીપભાઈ સુરેશભાઈ તથા પ્રતાપભાઈ કાથડભાઈને અટક કર્યા બાદ જયુડીશ્યલ કસ્ટડીમાં લીધેલ ત્યારબાદ અમરેલીના મહેરબાન શ્રી ડ્રીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ જજ સાહેબની કોર્ટમાં રેગ્યુલર જામીન અરજી કરતા આરોપીઓના એડવોકેટ શ્રી કપિલ એમ. ઝિંઝુવાડિયાની સચોટ દલીલો તથા કાયદાકીય રજુઆતોને ધ્યાને લઈને નામદાર કોર્ટ દ્વારા રેગ્યુલર જામીન પર મુક્ત કરવાનો હુકમ કરવામાં આવેલ છે.



રાજુલા વિશ્વહિન્દુ પરિષદ VHP ના પ્રમુખ તરીકે શ્રી યુવરાજભાઈ ચાંદુ ની નિમણુંક થવા બદલ ખૂબ ખૂબ અભિનંદન

☎ 94281 90118
॥ ૐ નમોઃ નારાયણ પ્રભુ ॥
ગમે તેવી ઠંડીમાં પણ થશે ગરમીનો અહેસાસ
વિન્ટર કલેકશન
એક-એકથી ચડીયાતા
વિન્ટર કલેકશનની અવનવિ વેરાયટી
વિન્ટર ટી-શર્ટ, હુડી, જેકેટ, ફેન્સીકોટ, હાથ મોજા, ટોપી તેમજ મફલર અને ઘણું બધું...
એક જ ભાવ
ફોર્મલવેર સ્પેશ્યાલીસ્ટ
લગ્ન સિઝનને અનુરૂપ પાર્ટીવેર કલેકશન
M to 5XL સુધી બધુંજ
ઉમિયા ફેશન
(નાના આંકડીયાવાળા)
સ્ટેશન રોડ, સિલ્વર પેલેસ, પુજારા મોબાઈલ સામે, અમરેલી.

... ૫૩ વર્ષથી કાર્યરત ...
લાયસન્સ + નામ ટ્રાન્સફર + વિમો
નંબર પ્લેટ + PUC
સોનપાલ ઓટો એડવાઈઝર્સ
◆◆◆◆ RTO એડવાઈઝર્સ ◆◆◆◆
...એક જ સંસ્થામાં બધીજ સુવિધાઓ...
વિમો + લાયસન્સ નામ ટ્રાન્સફર + પાસીંગ
ગાંધી બાગ પાસે, જય કોમ્પ્લેક્ષ, અમરેલી
ફોન નં. ૦૨૭૯૨-૨૨૩૧૧૦
નંબર પ્લેટ + PUC
પંચવટી કોમ્પ્લેક્ષ, માણેક સ્થંભની બાજુમાં, લાઠી રોડ, અમરેલી
મો. ૯૫૧૦૧ ૩૬૫૫૫

આ તહેવારોના શુભ અવસરે
આપનું મનપસંદ હીરો ટુ-વ્હીલર ખરીદો
આકર્ષક ઑફર સાથે...
હીરોની સાથે બને દરેક તહેવારોશુભ
Hero GIFT Grand Indian Festival of Trust
HF Deluxe Motorcycle — કેશ બોનસ ₹2100
Super Splendor Xtec — કેશ બોનસ ₹2100
Destini125 (Not Prime) — કેશ બોનસ ₹2100
Xoom & Pleasure — એક્ચેન્જ બોનસ ₹3000
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, નવનીત ટાયર્સની બાજુમાં, સ્ટેશન રોડ, અમરેલી
મો.+૯૧ ૯૨૮૯૯ ૨૨૨૫૪ navnit@heromotocorp.biz

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
કોઈપણ ઉમરના વ્યકિતની બહેરાશની તપાસ
બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જ્યુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય :સવારે :૧૦ થી ૨, સાંજે : ૫ થી ૮

આવતા તહેવારોના શુભ અવસરે વસાવો
''માઇલેજનો મહારથી''
BAJAJ
ટુ વ્હીલર
CT 110
Platina 100
સર્વશ્રેષ્ઠ માઇલેજ
85* Per Liter
ન્યુનતમ મેન્ટેનન્સ
વૃંદા ઓટો (બજાજ)
ગોપી સિનેમા સામે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૩૮૩૧ ૩૯૩૩૩

# રાજુલા, બગસરા એસટી ડેપોમાં ડ્યુટી કર્મચારીઓને કારણે મુસાફરો પરેશાન

## મુસાફરોને પરેશાન કરાતા હોવાની ફરિયાદો : તપાસ થશે કે કેમ? : લોકોનો વેધક સવાલ

રાજુલા, (કનુભાઈ વરૂ)

અમરેલી જિલ્લાના એસટી નિયામકધામાનેપત્રપાઠવી ગ્રામ્યવિસ્તાર અનેચેમ્બરઓફકોમર્સદ્વારાદ્વારાજણાવેલ છે કે રાજુલા ડેપોની રાજુલા ખાંભા એસટી બસરાત્રિનાસાતવાગ્યેખાંભાનાઈટમાંજાય છે જેમાં બાર જેટલા ગામડા આવે છે જેમાં નાઈટમાંએકજબસજાયછેજેમાંદસદિવસ મહિનામાંરાત્રિનાએનકેનપ્રકારેઆબસને કેન્સલકરવામાંઆવેછેઆખાડેપોમાંમાત્રા એક જ બસ સ્ટાર ગેટમાં હોય તેમ ગમે તે રૂટની બસમાં કંઈક થાય તો આ બસને સ્થાનિકબસનીડ્યુટીલખનારમાત્રરાજુલા ખાંભા નાઈટ જ રાત્રિના કેન્સલ કરે છે અને સવારમાં પછી ફેરો મોકલે છે રાત્રે શા માટે હેરાનકરવામાંમુસાફરોનેઆવતાહશેએમ પણ કહેવામાં આવે છે કે જે એસ.ટી નું ડ્યુટી લીસ્ટ બનાવવામાં આવે છે તેના દ્વારા જ આ બસ કેન્સલ કરવામાં આવે છે.

બીજી તરફ આવા કર્મચારીઓ જે ડ્યુટીલેસમાંમૂકવામાંઆવ્યાછેતેનીપાસે પૂરતોઅનુભવપણનથીડ્યુટીલીસ્ટબનાવવા માટે કોઈ જવાબદારી ન હોય તેમ આ લિસ્ટ તૈયાર કરી અને ડેપો મેનેજરની સહી લે છે જેથીડેપોમેનેજરપણઅંધારામાંરાખતાહોય તેમતેમરાજુલાખાંભાનાઈટઆમહિનામાં નાઈટમાં સાત વાર કેન્સલ કરી કેન્સલકેવી રીતે કરે કે રાત્રે સાત વાગ્યે ગામડામાં જવા માટે એક પણ વાહન મળતું નથી જે ખુદ આ એસટીનુંલિસ્ટબનાવેછેતેમનેપણખબરછે હવેમુસાફરોપણકહેછેકેભલેબસબંધકરી દેપણઆવીરીતેહેરાનતોનથઈએબસબંધ કરવીહોયતોભલેકરેપરંતુઆબસનુંડ્યુટી લીસ્ટ બનાવનાર લખનાર સામે તેનો કેટલો અભ્યાસછેશામાટેઅવારનવારકેન્સલકરે છે અને રાત્રિના મુસાફરોને જવાબ દે ના રે કોઈહોતુંનથીમુસાફરોજાયક્યાંથીફરિયાદ કોનેકરવીઆખાડેપાનુંતપાસવામાંઆવેતો કેન્સલનાઈટમાંમાત્રઆએકજબસકેન્સલ કરવામાં આવે છે તે પણ ડૂટેલીસ લખનાર ઈરાદાપૂર્વકકરતોહોવાનામુસાફરોનાઆક્ષેપ છે.



બીજી તરફ બગસરા ડેપોમાં પણ મહુવા બગસરા વાયા સોતરા બારમણ એસ.ટીમહિનામાંપંદરદિવસઆવેઅને૧૫ દિવસકેન્સલઆજવાબછેલ્લાએકવર્ષથીછે સૌથી વધુ આવક વાળી એસટી બગસરા મહુવાછેઅગાઉપણએવીરજૂઆતથઈહતી કે બગસરા બગદાણા બગસરા જાફરાબાદ કોઈપણએકબસબંધકરીઅનેઆબસશરૂ રાખવા માટે રાજુલા ચેમ્બર ઓફ કોમર્સ ધારાસભ્યએ એસટી નિયામક અને બગસરા ડેપો મેને રજૂઆત કરી હતી પરંતુ ૧૫દિવસશરૂરાખીઅનેપાછીબંધકરીદીધી તો અમરેલી એસટી નિયામક બગસરા મહુવા વાયા ખાંભા બારપટોળી શરૂ કરવા રાજુલાચેમ્બરઓફકોમર્સદ્વારાપત્રપાઠવી રાજુલામાંરાજુલાખાંભાનાઈટરાત્રેશામાટે કેન્સલકરેછેતેમજબગસરામહુવાશામાટે ટ્રાફિકહોવાછતાંબંધકરવામાંઆવેછેતેમાં ઈરાદાપૂર્વક રાત્રિના મુસાફરોને હેરાન કરવાની યોજના હોય તેમ થઈ રહ્યું છે બગસરામહુવાછેલ્લા૨૦વર્ષથીચાલતોરુટ છે ટ્રાફિક પણ પુષ્કળ મળે છે ગ્રામ્ય વિસ્તારોનેમહુવાબગસરાખાંભાજવામાંઆ એકજબસહોયછે ત્યારે તાત્કાલિક એસટી નિયામક શ્રી ધામા એસ.ટી આસિસ્ટન્ટ ડી ટી ઓ તથા ધારાસભ્ય હીરાભાઈ સોલંકી વાહન વ્યવહાર મંત્રી એસ.ટી.ના એમડી સહિતને રાજુલા ના ગ્રામ્ય વિસ્તાર સરપંચ છો આગેવાનો તેમજ રાજુલા કોમર્સ દ્વારા રજૂઆત કરીઘટતુંકરીપેલાન્યાયતપાસકરી યોગ્ય કરે તેવી માંગણી કરવામાં આવી છે

# અમરેલીનાં દેવળીયા ગામે ૨૨ વર્ષના યુવાન માથે ટ્રેક્ટર ફરીવળતા ઘટના સ્થળે જ મોત

## ખાડો આવતા ટ્રેક્ટરમાંથી પડી ગયો અને ટ્રેક્ટર ફરી વળ્યું



અમરેલી,

અમરેલીના દેવડીયા ગામમાં લગ્ન પ્રસંગ હોય જેમાં પ્રકાશભાઈ પરમાર ટ્રેક્ટર ચલાવીને લાકડા ભરવા જતા હતા અને બાજુમાં પંકજ સેન્સિંગ મહાનિયા નામનો ૨૨ વર્ષે યુવાન બેઠો હતો તેથી સીમ વિસ્તારમાં અચાનક ખાડો આવતા પંકજ ટ્રેક્ટર પરથી નીચે પડી ગયો હતો અને તેની ઉપરથીટ્રેક્ટરનુંવહીલફરીવળ્યુંહતું. આ બનાવ બનતા તેમનું ઘટના સ્થળે મૃત્યુ નીપજ્યું હતું અને આ સમાચાર વાયુવેગે ગામમાં ફેલાયા હતા અને યુવાનની લાશને પીએમ અર્થ અમરેલી સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી

---

**નાયબ કલેક્ટર અને સબ ડિવીઝનલ મેજીસ્ટ્રેટની કચેરી બગસરા**

નં. એમએજી/વશી/રજી.નં.૧૩૩/૨૩ તા.૧૨/૧૨/૨૦૨૩

અરજદાર :- શ્રી મંગુબેન ભીખાભાઈ ધાણોદ વા/ઓ ભરતભાઈ ડુંગરભાઈ વઘેડીયા રહે.બગસરા

અરજદારના વિ.વ.શ્રી સુરેશભાઈ એ.રાઠોડ

વિરૂધ્ધ સામાવાળા :- જન્મ મરણ નોંધણી રજીસ્ટ્રારશ્રી નગરપાલિકા બગસરા

**જાહેર નોટીસ**

આથી લાગતા વળગતા સર્વેને આ જાહેર નોટીસથી જણાવવામાં આવે છે કે અમરેલી જીલ્લાના બગસરા તાલુકાના બગસરા ગામના રહીશ શ્રી મંગુબેન ભીખાભાઈ ધાણોદએ તેમના માતુશ્રી શાંતુબેન ભીખાભાઈ ધાણોદનું અવસાન તા.૧૫-૦૪-૧૯૯૫ નાં રોજ બગસરા તાલુકાના બગસરા મુકામે થયેલ હોવા ની મરણ નોંધ કરાવવા અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી અરજ કરેલ છે તો આ કામના સામાવાળા ના મરણની નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે જે કોઈને કાંઈ વાંધો તકરાર કે હરકત હોય તેઓએ તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં મુદત તા.૧૭-૦૧-૨૦૨૪ ના રોજ ૧૨-૦૦ કલાકે વાંધા તકરાર સાથે ઉપસ્થિત રહેવું અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે.

(કોર્ટનો સિક્કો) **સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ બગસરા**

---


**અમરેલીમાં મોકાની જગ્યા વેચવાની / ભાડે આપવાની છે**

જુના માર્કેટીંગયાર્ડ રોડ ઉપર અતિ મોકાની ૧૧૫૫ સ્કવેર ફુટ જગ્યા, નગરપાલિકાનું પાણી અને ગટર કનેકશન સુવિધા સાથે અગાસી સાથે વેચવાની / ભાડે આપવાની છે

હોસ્પિટલ, બેંક, હોટેલ, શો-રૂમ તેમજ બીજા અનેક ધંધાને અનુકૂળ અતિ મોકાની જગ્યા વેચવાની / ભાડે આપવાની છે

સરનામું :- જુના માર્કેટીંગયાર્ડ રોડ, હોટલ અવધની બાજુમાં, પહેલો માળ, શિવ કોમ્પલેક્ષ, અમરેલી

તા.ક. દલાલ ભાઈઓ આવકાર્ય છે

સંપર્ક : મો.૯૯૦૯૯ ૫૭૭૦૦, ૯૯૦૯૧ ૫૦૮૩૫


---

**ઓનલાઈન જાહેર નિવિદા નં.૨ સને.૨૩–૨૪**

**તાલુકા પંચાયત કચેરી–જાફરાબાદ**

તાલુકા વિકાસ અધિકારીશ્રી,તાલુકા પંચાયત કચેરી, જાફરાબાદ (ફોન નં. ૦૨૭૯૪–૨૪૫૪૨૧) દ્વારા ગુજરાત સરકારશ્રીના તાલુકા પંચાયત કચેરી તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીની૧૫ મું નાણાપંચનાં, પેકેજ–૧, કામો–૨ અંદાજીત રકમ રૂા.૧૨.૫૦ લાખ ના કામો માટે ઈ–ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવે છે જેની વિગત નીચે મુજબ છે. તેમજ વિગતવાર માહીતી આ કચેરીના નોટીસ બોર્ડ તેમજ www.statetenders.gujarat.gov.in તથા Tender.nprocure.com ઉપરથી જોવા મળશે.(૧)ઓન લાઈન ટેન્ડર તા.૨૦/૧૨/૨૩ થી ૩/૧/૨૪ સુધી ૧૮.૦૦ કલાક સુધી (૨) અર્નેસ્ટમની ડીપોઝીટ અને ટેન્ડર ફી રજુ કરવાની તા ૪/૧/૨૪ થી તા.૧૦/૧/૨૪ (૩) ટેન્ડર ખોલવાની તા.૪/૧/૨૪ ૧૨.૦૦કલાક

માહીતી/અમર/૩૯૭/૨૩ — તાલુકા વિકાસ અધિકારીશ્રી, તાલુકા પંચાયત કચેરી, જાફરાબાદ

---

**પ્રથમ વાર્ષિક પૂણ્યતિથી નિમિતે**

**ભાવભરી શ્રધ્ધાંજલી**



**સ્વ. દરબારશ્રી અનકવાળા જીલુવાળા**

ચરખા ચાપરાજનાં

તમારી સ્મૃતિ અમારા હૈયામાં સદૈવ જીવંત રહેશે, ન વિસરાય તેવુ સૌમ્ય વ્યક્તિત્વ, માયાળુ ઉદાર સ્વભાવ, હસમુખો ચહેરો અમારી નજર સમક્ષ તરવરતો રહેશે. તમારા દિવ્ય આત્માને પ્રભુ શાંતિ અર્પે.

લી. દિકરીબા તથા ભાણેજ

રેખાબા એમ.બસીયા - મહેશભાઇ બી.બસીયા

લુંઘીયા બાપુ બાવાવાળાનું

---

**ઓનલાઈન જાહેર નિવિદા નં.૧૧(સુધારો-૨)**

**સને.૨૦૨૩- ૨૪**

**પંચાયત માર્ગ અને મકાન વિભાગ જિ.પં. અમરેલી**

કાર્યપાલક ઇજનેરશ્રી પંચાયત મા.મ. વિભાગ, અમરેલી.(ફોન.નં.૦૨૭૯૨ ૨૨૨૧૧૨) દ્વારા ગુજરાત સરકારશ્રીના માર્ગ અને મકાન વિભાગ તરફથી યોગ્ય શ્રેણીમાં નોંધાયેલ ઈજારદારો પાસેથી સરકારશ્રીની MMGSY/SCSP/BUJ CDP-5, MPLADS, નાં પેકેજ–૧૧, કામો–૧૩ અંદાજીત રકમ રૂ.૨૬.૦૪ કરોડના કામો માટે ઈ–ટેન્ડર દ્વારા ભાવો માંગવામાં આવેલ છે. સદરહું આ નિવિદાના કુલ-૪ કામોની તારીખોમાં આ નિવિદા મુજબ ફેરફાર થયેલ છે. જેની વિગત નીચે મુજબ છે. તેમજ આ કામોની વિગતવાર માહિતી આ કચેરી ના નોટીસ બોર્ડ તથા વેબસાઈટ www.statetenders.gujarat.gov.in તથા https://tender.nprocure.com ઉપર જોવા મળશે. (૧) ઓનલાઈન ટેન્ડર રજુ કરવાની છેલ્લી તા.૦૪/૦૧/૨૦૨૪ ૧૮.૦૦ કલાક સુધી (૨) અર્નેસ્ટમની ડીપોઝીટ રજુ કરવાની તા.૦૫/૦૧/૨૪ થી તા.૧૨/૦૧/૨૪ (૩) ટેન્ડર ખોલવાની તા.૧૫/૦૧/૨૪ ૧૨.૦૦ કલાક અને ૧૬/૦૧/૨૦૨૪

માહિતી/અમર/૩૯૮/૨૩ — કાર્યપાલક ઇજનેર, પંચાયત મા.મ. વિભાગ, અમરેલી

---

**મહે શ્રી ખાંભા ના જયુ. મેજી. ફ.ક. સાહેબની કોર્ટમાં મું. ખાંભા**

ફોજદારી પરચુરણ અરજી નં. ૨૩૦-૨૦૨૩............મુ.તા.૧૧-૦૧-૨૦૨૪

અરજદાર : નિમુબેન ડો/ઓ બોઘાભાઈ હાડગરડા રહે.નાના બારમણ, તા.ખાંભા હાલ ચાડીયા, તા.અમરેલી

અરજદારના વિ.વ.શ્રી આર.આર.હરીયાણી

વિરૂધ્ધ : સામાવાળા : ત.ક.મંત્રીશ્રી નાના બારમણ, તા.ખાંભા, જી.અમરેલી

**જાહેર નોટીસ**

આથી આ જાહેર નોટીસ આપી જણાવવામાં આવે છે કે, ઉપરોકત અરજદારનો જન્મ તા.૦૧-૦૧-૧૯૮૯ નારોજ ગામ નાના બારમણ તા. ખાંભા મુકામે થયેલ અને તેની નોંધ જન્મ-મરણ નોંધણી રજીસ્ટરે નોંધ કરાવવા અંગે અત્રેની અદાલતમાં જન્મ-મરણ નોંધણી અધિનિયમની કલમ-૧૩(૩) મુજબ હાલની અરજી કરેલ છે જેથી અરજદારની માંગણી મુજબ તેઓના પોતાના જન્મ અંગેની નોંધ કરાવવા અંગેનો હુકમ શા માટે ન કરવો તેનુ કારણ દર્શાવવા મુદત તા.૧૧-૦૧-૨૦૨૪ નારોજ ૧૦:૩૦ વાગ્યે સુનાવણી રાખવામાં આવેલ છે આથી જે કોઈ ઈસમ તથા સરકારી, અર્ધસરકારી કચેરી, પેઢી, મંડળી, વ્યકિત, સ્વાયત સંસ્થા વિગેરેને સદરહુ અરજી સામે વાંધો હોય તો તેઓએ આ નોટીસ પ્રસિધ્ધ થયેથી સદરહુ મુદત તારીખે અદાલત સમક્ષ જાતે અથવા માહિતગાર વકીલ, મુખત્યાર મારફતે હાજર રહેશો તેમ કરવામાં કસુર થયે આગળનો યોગ્ય અને ન્યાયી હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.આજ તા.૧૫-૧૨-૨૦૨૩ ના રોજ મારી સહી તથા કોર્ટનો સીક્કો કરી આપ્યા

| તૈયાર કરનાર | મુકાબલ કરનાર | (કોર્ટનો સિક્કો) | હુકમ થી |
|---|---|---|---|
| ડી.એમ.કલસરીયા | ડી.જે.પઠાણ | | એ.એસ.દવે |
| આસી. | આસી. | | રજીસ્ટ્રાર ખાંભા |

---


**વી. કે. મોટર્સ**

VK MOTORS — Giving you joy of Best Ride...

MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI

CAR SERVICE ▪ SPARE ▪ INSURANCE

તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે. ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા.

તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.

વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧

લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.

e_mail:kanpariyavipul4025@gmail.com

|| શ્રી ગણેશાય નમઃ ||

BAJAJ FINSERV

**આશાપુરા ફર્નીચર**

માણેકપરા, લાતી બજાર અમરેલી ફોન (૨૨૩૭૩૯) મો.૯૦૩૩૩ ૩૪૬૬૧

૨૦૨૩ / ૨૪ ના અધતન અને ટકાઉ ફર્નિચરનો લાઇવ ડેમો નિહાળવા આજે જ પધારો

દિકરીઓના કરીયાવરના ફર્નિચરમાં જબરદસ્ત ડિસ્કાઉન્ટ

**મકાન ખરીદ કરવાની અમુલ્ય તક... તકને તેડા ન હોય..**

લાઠી રોડ ઉપર કે.કે.પાર્કમાં ઉતર દ્વારનું 4BHK બંગલા ટાઇપ મકાન અરજન્ટ વેચવાનું છે

લાઠી રોડ એસ.ટી. ડિવીઝન સામે ૧૦૪ વારના પ્લોટમાં 2BHK પુર્વ દ્વારનું મોટા પાર્કિંગવાળુ મકાન આ મકાન પાર્ટીને અન્યત્ર શિફ્ટ થવાનું હોય અરજન્ટ વેચવાનું છે

લાઠી રોડ અમીધારા - ૨ માં ૬ લાખના વસાથી ખુલ્લો પ્લોટ
શિવલીલા પાઠક સ્કૂલ પાછળ ૮ લાખના વસાથી ચોખ્ખા પ્લોટ
ઇન્દીરા શાકમાર્કેટ પાસે દાદર નીચે દુકાન ચા ની કિટલી માટે ખાસ

શિવલીલામાં 2BHK + 2BHK + 2BHK કુલ ત્રણ તદન નવા જ મકાન પ્રોપર્ટી કાર્ડ સાથે માત્ર ૧૧.૯૯ લાખ

૫ અને તેથી વધુ વિઘાની ખેતીની જમીન વેચવાની છે અમરેલીથી ૧૫ થી ૨૦ કિ.મી.ના અંતરે ખેતીની પડતર જમીન

મકાન - દુકાન - પ્લોટ - ફલેટ - ખેતી જમીન લેવા - વેચવા કે ભાડેથી લેવા - દેવા માટે અમારી અવશ્ય મુલાકાત લ્યો

**લાભમ પ્રોપર્ટીઝ : ૯૪૨૮૯ ૭૦૯૫૪**

**શ્યામ આંખની હોસ્પિટલ**

ડો. કપિલ બી. વરૂ (M.S.) (આંખના સર્જન)

મોતીયા, ઝામર તથા પડદાના રોગના નિષ્ણાંત

૨૫૦૦૦ થી વધારે મોતીયા, ઝામર, વેલ તથા બાળકોના મોતીયાના ઓપરેશનના અનુભવી

**અહીં ઉપલબ્ધ સુવિધા :**

- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર આંખના નંબરની યોગ્ય તપાસ કરવાનું અતિ આધુનિક PHOROPTER TOPCON મશીન(જાપાન)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર મોતીયાના ઓપરેશન માટે આધુનિક OERTLI ફેકો મશીન (સ્વીઝરલેન્ડ)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર નેત્રમણી (LENS) નું માપ લેવા માટે DGH મશીન (અમેરીકા)
- અમરેલી જિલ્લામાં સૌ પ્રથમવાર VINYL FLOORING અને AIR PURIFIER થી સજ્જ અધતન ઓપરેશન થીયેટર
- ઓપરેશન માટે ZEISS MICROSCOPE (જર્મની)
- ઝામરની તપાસ માટે I - CARE મશીન (ફીનલેન્ડ) અને AP-PLANATION મશીન (સ્પેન)
- આંખની સંપુર્ણ તપાસ માટે SLITLAMP TOPCON (જાપાન)
- આંખનું માપ લેવા માટે ઓટોમેટીક KR-1 (જાપાન) દરેક પ્રકારના મેડીકલેઇમની સુવિધા
- સ્પેશ્યલ તથા સેમી સ્પેશ્યલ રૂમની સુવિધા
- દવાઓ તથા આધુનિક ચશ્મા હોસ્પિટલમાં જ ઉપલબ્ધ

-: સ્થળ :-

-: અમરેલી :- સફારી પ્લાઝા, બીજો માળ, એન્જલ સિનેમા સામે, માણેકપરા, હોસ્પિટલ મો.૮૭૫૮૫ ૩૫૦૦૦

-: રાજુલા :- શિવશક્તિ શોપિંગ સેન્ટર, બેંક ઓફ બરોડાની બાજુમાં, કોહીનુર હોટલની સામે, જાફરાબાદ રોડ, હોસ્પિટલ મો.૭૪૩૪૮ ૦૮૦૦૦




રજી.સે.શ.૩૬૭૫૨ || સત્યમેવ જયતે || ઓડીટ વર્ગ 'અ'

**અવધ નાગરીક શરાફી સહકારી મંડળી લી.**

ગીરધરભાઇ શોપીંગ સેન્ટર, હેડ પોસ્ટ ઓફીસ સામે, અમરેલી ફોન : (૦૨૭૯૨)૨૨૭૨૯૯

**દર મહિને માસિક વ્યાજની સુવિધા પણ ઉપલબ્ધ**

**૫૦ હજારની એફડી ઉપર ભેટ મેળવો**

| ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર | ક્રમ | થાપણના પ્રકાર ફી.ડી. | વ્યાજનો દર |
|---|---|---|---|---|---|
| ૧ | ૪૫ દિવસ થી ૯૦ દિવસ સુધી | ૮% | ૬ | ૪ વર્ષ ઉપર | ૧૨.૫% |
| ૨ | ૯૧ દિવસથી ૧૮૦ દિવસ | ૯% | ૭ | ૬ વર્ષ ૬ માસ ઉપર (૭૮ માસ) | ડબલ |
| ૩ | ૧૮૧ દિવસથી ૧ વર્ષ સુધી | ૧૦% | ૮ | મંથલી બચત (૧૨ માસ) | ૧૧% |
| ૪ | ૧ વર્ષ ઉપરથી ૩ વર્ષ સુધી | ૧૨% | | | |

**આકર્ષક વ્યાજદરો**

**સભાસદ માટે સર્વશ્રેષ્ઠ સુવિધા**

- દર વર્ષે આકર્ષક ડીવીડન્ડ ■ ફીકસ ડીપોઝીટ ઉપર ૧૨.% નું આકર્ષક વ્યાજ
- દૈનિક બચતકારોને ૧૧% નું આકર્ષક વ્યાજ
- દરેક સભાસદોને જરૂરીયાત મુજબ વ્યક્તિગત તેમજ મિલ્કત ઉપર લોનની સરળ સુવિધા
- ડો.ચિરાગ કુબાવત - નારી વુમન્સ - એન્ડોસ્કોપી સેન્ટરમાં પ્રસુતીમાં બીલ ઉપર ૨૦% ડિસ્કાઉન્ટ પતિ અથવા પત્નીમાંથી કોઇપણ એક અવધ મંડળીના સભાસદ હોવા જરૂરી છે (પેકેજ વગર ડિસ્કાઉન્ટનો લાભ મળશે.)

**વિશ્વાસ તમારો અને મહેનત અમારી**

**અવધ નાગરિક શરાફી સહકારી મંડળી લિ.**

• બાયપાસ બ્રાન્ચ • સિલ્વર શાઈન કોમ્પલેક્સ, રોયલ એમેઝોન સામે, બાળહનુમાન મંદિર રોડ, બાયપાસ રોડ, અમરેલી.

• બાબરા બ્રાન્ચ • સહકાર ભવન, શિવાજી ચોક, તાલુકા શાળા સામે, મુ. બાબરા. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૧) ૨૩૩૨૯૯

• ધારી બ્રાન્ચ • રેલ્વે સ્ટેશન પાસે, ધારી વિવિધ સેવા સ.મં.લી.સામે મુ. ધારી. જિ. અમરેલી. ફોન : (૦૨૭૯૭)૨૨૧૨૯૯

